॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૮ અંક-૨ જૂલાઇ-૨૦૧૮
સળંગ અંક-૩૮૮

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેકસ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| કળિયુગમાં શ્રીહરિના અવતાર વિષે શાસ્ત્ર પ્રમાણો ભાગ -૧ | ૫ |
| નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપત નહિ ખાત | ૭ |
| આવુ તો પૂર્વે કોઇએ માંગ્યુ નથી !!! | ૯ |
| જોબનપગીનું આખ્યાન | ૧૧ |
| શીઘ્ર કવિ સ્વામી ભૂમાનંદ | ૧૨ |
| સત્સંગ સમાચાર દેશ | ૧૫ |
| સત્સંગ સમાચાર વિદેશ | ૩૦ |
| બાલ સંદેશ : કાચી કેરી | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૮૯ જુલાઈ - ૨૦૧૮

રૂા. ૫/૦૦



## સદ્. સ્વામી કેશવપ્રસાદદાસજી

### ની પુણ્ય સ્મૃતિમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો, ભુજ

















# સદ્. સ્વામી કેશવપ્રસાદદાસજી
# ની પુણ્ય સ્મૃતિમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો, ભુજ



## સર્વમંગલ સ્મૃતિ મહોત્સવ અંતર્ગત સર્વમંગલ મેડીકલ કેમ્પ-૨૦૧૮



# તંત્રીની કલમે



લોક હિતાર્થે તેમજ સામાજિક સુવ્યવસ્થાર્થે દીર્ઘદૃષ્ટા વિચારકોએ ભારતીય પરંપરાગત પ્રથાઓનું, આચરણોનું, નીતિ-નિયમોનું, સંસ્કારોનું સમર્થન કરી તે મુજબનું જીવન વ્યતીત કરવાનો આગ્રહ રાખ્યો છે. પરંતુ અતિશય ગંભીરતાપૂર્વક વિચારવા જેવી બાબત છે કે આજનો આપણો યુવાવર્ગ આપણી સંસ્કૃતિથી ધીરે ધીરે વિમુખ થતો જાય છે અને અન્ય સંસ્કૃતિઓની વિકૃત્તિઓના વમળમાં ફસાતો જાય છે.

આજે વિશ્વના અનેક દેશો ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોને જીવનમાં ઉતારી, શાશ્વત સુખની અને શાંતિની પ્રાપ્તિ માટે ઋષિ-મુનિઓએ સૂચવેલા માર્ગે ચાલીને તેમજ આપણા વેદ-પુરાણ-ગીતા જેવા સત્‌શાસ્ત્રો દ્વારા શીખ મેળવી આધ્યાત્મિકતા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા છે ત્યારે આપણે આપણી સંસ્કૃતિ, પરંપરા, અધ્યાત્મ, ધર્મ આદિ તરફ કેવું વલણ ધરાવીએ છીએ ? જરા શાંતિથી સ્વસ્થ ચિત્તે વિચારજો.

આજનો યુવાવર્ગ ધર્મ અને અધ્યાત્મ તરફ રુચિ ધરાવે છે ખરો ? જવાબની સૌને ખબર જ છે. ગાંભીર્ય ઘટતું જાય છે, ધીરજ અને સહનશીલતાનો અભાવ જોવા મળે છે. ડીજીટલ યુગનો વ્યાપક પ્રભાવ છે. વ્યસન અને ફેશન પાછળ ફના રહ્યો છે. ટી.વી., મોબાઈલ અને ઈન્ટરનેટમાં રચ્યો પચ્યો રહેતો યુવાવર્ગ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે અને માનસિક તાણ અનુભવી રહ્યો છે જે ઘણી વાર આત્મહત્યામાં પણ પરિણમે છે. માનવીય સંવેદનાઓ સૂકાતી જાય છે. માત્ર ખપ પૂરતા અને લાગણીશૂન્ય સંબંધો માનવમૂલ્યોને ગૌણ બનાવી રહ્યા છે. ધર્મ, સંસ્કાર અને સામાજિક મર્યાદાઓનો લોપ થઈ રહ્યો છે. અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરતા વિધર્મી યુવકો અનેક પ્રકારના કાવા-દાવા કરી ‘લવ જેહાદ’ના નામે હિન્દુ યુવતીઓને ફસાવી બરબાદ કરી રહ્યા છે, અનેક પ્રકારના પ્રલોભનો આપીને ધર્મપરિવર્તન કરાવાઈ રહ્યું છે. વડીલોને ‘ડસ્ટ બીન’ ગણવામાં આવી રહ્યા છે. આ બધી બાબતો અધઃપતન સૂચવી રહી છે. વિનાશ તરફ દોરી રહી છે. આ બધી બાબતોથી આપણે બચવાનું છે. તે માટે આપણે આધ્યાત્મિકતા અને વેદકાળથી અને ઋષિ-મુનિઓના સમયથી ચાલી આવતી પરંપરાઓને અનુસરવું પડશે. ધર્મને જીવનમાં પ્રાધાન્ય આપવું પડશે. નીતિ-નિયમોને દૃઢ રીતે આચરણમાં ઉતારવા પડશે. હિન્દુત્વનું ગૌરવ જાળવવું પડશે અને સાંપ્રદાયિકતાના નેજા હેઠળ અખંડ એકતાનો અહેસાસ દુનિયાને કરાવવો પડશે.

આ બધું કરવા માટે સાચા બ્રહ્મનિષ્ઠ સંતને ગુરુપદે સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક સ્થાપિત કરવા પડશે. સંત સમાગમ, સત્સંગ અને ગુરુદ્વારા પ્રાપ્ત સુસંસ્કારો જ સંવેદનાપૂર્વકના માનવમૂલ્યોને જીવંત રાખશે. આવું થશે તો અનેક અનિષ્ટો દૂર થશે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા યુવા પ્રવૃત્તિઓના માધ્યમથી યુવાધનને પરંપરાગત સંસ્કારોથી સજ્જ આદર્શ યુવક-યુવતી બનાવવાના પ્રશંસનીય અને પ્રેરક પ્રયાસો હાથ ધરાયા છે. સત્સંગ શિબિરો દ્વારા માર્ગ ભટકેલા સમાજને સાચી દિશા ચીંધવામાં આવી રહી છે, પ્રગતિશીલ ઉજજવલ ભવિષ્ય સાથે માનવમૂલ્યોને પ્રાધાન્ય આપનતા સંવેદનશીલ સમાજની રચના થઈ રહી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ‘શિક્ષાપત્રી’માં આપેલ ઉપદેશાત્મક આદેશો તથા વચનામૃત દ્વારા આપેલ શીખ, સૂચનો અને સમસ્યાઓના સમાધાનોને આત્મસાત કરીશું તો ભવિષ્યમાં આનંદમય અને સુખી જીવન જીવતા હશું તે સુનિશ્ચિત છે.

# કળિયુગમાં શ્રીહરિના અવતાર વિષે શાસ્ત્ર પ્રમાણો ભાગ -૧

**લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ**

- આ ધરા પર વૈદિકધર્મનું સ્થાપન, અધર્મનો નાશ, સંતપુરુષોની રક્ષા અને પોતાના ભક્તોને લાડ લડાવવા માટે ભગવાન આ પૃથ્વીપર અવતાર ધારણ કરે છે. ગીતાશાસ્ત્રવચનાનુંસાર પ્રત્યેક યુગમાં ભગવાન અવતાર ધારણ કરે છે પરંતુ જ્યારે જ્યારે પૃથ્વીપર અધર્મ વધી જાય ત્યારે પણ ભગવાન અવતાર ધારણ કરે છે. તેમાં પણ આપણા શાસ્ત્રોમાં ભગવાનના પ્રધાનપણે ચોવીસ અવતાર છે, તેમાં ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ આદિક ભગવાનના અવતારો થયા છે. અને કળિયુગના અન્તે કલ્કિ ભગવાનનો અવતાર થશે એવું શાસ્ત્રોમાં વચન છે. એવાં જ ભવિષ્ય વચનો અનેક શાસ્ત્રોમાં જોવા મળે છે. ભગવાન વેદ વ્યાસે સ્વયં રચિત અનેક પુરાણોમાં ભગવાન શ્રીહરિ નામે આ કળિયુગમાં અવતાર ધારણ કરશે એવી વાત પુરાણોના અનેક સ્થાને લખી છે. શ્રીહરિએ કળિુગમાં અવતાર ધારણ કર્યો તેથી આ વાત સાચી પડી છે. એવું સંતોએ પણ કીર્તનમાં ગાયું છે. ''વ્યાસમુનિએ જે પૂર્વે કહી હતી એ વાત સાચી પડી.'' ''પ્રગટ થયા સહજાનંદ હરિ''

**पाखण्डो बहुले लोके स्वामिनाम्नाहरिः स्वयम् ।**
**पापपङ्कनिमग्नं तज्जगदुद्धारयिष्यति ॥**

(पद्मपुराणपूर्वखण्ड)

- જ્યારે આ પૃથ્વીલોકમાં ધર્મના નામે પાખંડધર્મ વૃદ્ધિ પામશે ત્યારે પાપરૂપી કચરામાં ખુંચી ગયેલા જગતને સ્વામિનારાયણના નામથી ભગવાન આ પૃથ્વીપર પ્રગટ થઈને તે પાપથી જગતનો ઉદ્ધાર કરશે.
- ભગવાન વેદવ્યાસ રચિત સ્કન્દપુરાણસ્થવિષ્ણુ ખંડમાં આવેલ વાસુદેવ મહાત્મ્યના ૧૮મા અધ્યાયમાં વર્ણન છે કે - ભગવાન નારાયણ સ્વયં બ્રહ્માજીને જ્ઞાન આપતા કહે છે, હું સ્વયં જગતના ઉદ્ધાર માટે મત્સ્યાદિ અનેક અવતાર ધારણ કરીશ. આ અવતારોના વર્ણનમાં મત્સ્યાવતાર, કૂર્માવતાર, નૃસિંહાવતાર, વામનાવતાર, કપિલાવતાર, દત્તાત્રેયાવતાર, ઋષભાવતાર તથા ત્રેતાયુગ અને દ્વાપરયુગની સન્ધિમાં પરશુરામાવતાર અને રામાવતાર, દ્વાપર અને કળિયુગની સન્ધિમાં કૃષ્ણાવતાર તથા વાસુદેવ નામથી ઓળખાઈશ તથા સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધના રૂપમાં પણ પ્રગટ થઈશ. ત્યારપછી કૃષ્ણદ્વૈપાયન (વ્યાસાવતાર) અને કળિયુગમાં બુદ્ધાવતાર પ્રગટ થશે.
- ત્યાર પછી ભગવાન બ્રહ્માજીને બીજા એક અવતાર ધરવાની વાત કરતાં કહે છે - એક સમયે યુદ્ધાર્થે મથુરાપુરીમાં આવેલ જરાસંધની સાથે યુદ્ધસમયે શ્રીકૃષ્ણે પોતાના પ્રાદુર્ભાવનો હેતું વિચારતાં આ રીતે પોતાના દ્વિતીય પ્રાદુર્ભાવની પ્રતિજ્ઞા કરી હતી.

**''अन्योऽपि धर्मरक्षायै देहः सम्भ्रियते मया ।**
**विरामायाप्यधर्मस्य काले प्रभवतः क्वचित् ॥''**

(ભાગ. સ્કં.૧૦ અ-૫૦)

- કોઈક કાળને વિષે ઉત્પન્ન થતો જે અધર્મ તેનો નાશ કરવાને માટે અને એકાન્તિક ધર્મની રક્ષા કરવાને માટે હું બીજો પણ અવતાર ધારણ કરીશ.
- એવી રીતે શ્રીકૃષ્ણે સ્વધામગમન સમયે પોતાના બીજા અવતારના હેતુને ઉદ્દેશીને કહ્યું છે અને 'સમગ્ર જીવોના કલ્યાણને કરનારૂં મારું જ્ઞાન ધારણ કરવા

કોણ સમર્થ છે?' એવો વિચાર કરીને તેવા ગુણવાળા ઉદ્ધવજીને જાણીને, તેમને આચાર્યપદવી આપીને જ્ઞાનધુરા સોપી હતી. તે કથા આ પ્રમાણે છે -

**अस्माल्लोकादुपरते मयि ज्ञानं मदाश्रयम् ।**
**अर्हत्युद्धव एवद्धा संप्रत्यात्मवतां वरः ॥**
**नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्गुणैर्नार्दितः प्रभुः ।**
**अतो मद्वयुनं लोकं ग्राहयन्निह तिष्ठतु ॥**

આગળ કહે છે -

**''कृतादिषु प्रजा राजन् ! कलाविच्छिन्ति संभवम् ।**
**कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥''**

(ભાગ. સ્કં.૧૧ અ-૫)

- સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં પ્રજાઓ જે તે કળીયુગમાં જન્મને ઇચ્છે છે, કારણ કે કળીયુગમાં નારાયણ પરાયણ એવા જનો થશે, એટલે નારાયણ ભગવાન પ્રગટ થશે. અને તેના આશ્રયથી હજારો જનો મોક્ષ પામશે.
- એવી જ રીતે જનકના પ્રત્યે યોગેશ્વરોએ પણ તે બીજા અવતારની વાત કહી છે. તો તેજ પ્રાદુર્ભાવને અહીં પ્રકાશ કરતા ભગવાન પુરુષોત્તમ બ્રહ્માને વર આપે છે - હે બ્રહ્મન્ !

**मया कृष्णेन निहताः सार्जुनेन रणेषु ये ।**
**प्रवर्तयिष्यन्त्यसुरास्ते त्वधर्मं यदा क्षितौ ॥**
**धर्मदेवात्तदा मूर्तौ नरनारायणात्मना ।**
**प्रवृत्तेऽपि कलौ ब्रह्मन् ! भूत्वाऽहं सामगो द्विजः।**
**मुनिशापान्नृतां प्राप्तं सर्षिं जनकमात्मनः ।**
**ततोऽविता गुरुभ्योऽहं सद्धर्मं स्थापयन्नज ।**

(वासुदेवमहात्म्य अ.१८ श्लोक ४३-४४)

- અર્જુને સહિત મેં શ્રીકૃષ્ણે યુદ્ધમાં હણેલા અર્થાત્ હું જે અસુરોને મારા હાથથી હણીશ અને જેઓને અર્જુને હણ્યા હશે પરંતુ તેઓ મૃત્યુ સમયે મારાં દર્શન કરશે તે મોક્ષને પામી જશે એ સિવાયના અસુરો અસદ્‌ગુરુનૃપાદિ રૂપમાં પુનઃ પૃથ્વી ઉપર અધર્મને પ્રવર્તાવશે ત્યારે હે બ્રહ્મન્ ! હું કળિકાળની પુષ્કળ પ્રવૃત્તિમાં પણ ધર્મદેવથકી તેમની ભક્તિ જેનું બીજું નામ છે મૂર્તિ એવી પત્નીથકી બદરીકાશ્રમમાં નરનારાયણ રૂપે રહેલો હું સામવેદી વિપ્રરૂપથી જન્મ લઈને સદ્ધર્મની સ્થાપના કરીશ અને દુર્વાસા મુનિના શાપથી મનુષ્યભાવને પામનારા મરીચ્યાદિ મુનિ સહિત મારા માતા-પિતાની અસુરાંશ ગુરુરાજા થકી રક્ષા કરીશ.(આથી શ્રીકૃષ્ણના બીજા અવતારરૂપ શ્રીસ્વામિનારાયણને અવતાર કહ્યા છે.)
- **હે રાજન! કળિયુગમાં પ્રજા નારાયણ પરાયણ થશે.**

**जनान् म्लेच्छमयान्भूमौ कलेरन्ते महैनसः ।**
**कल्की भूत्वा हनिष्यामि विचरन् दिव्यवाजिना ॥**

(वा. मा अ. १८. श्लो-४५)

- કળિયુગના અન્તમાં મહાપાપી મ્લેચ્છમય રાજાદિક દુષ્ટજનોને મારવા માટે દેવતાઓ દ્વારા આપવામાં આવેલ દિવ્યઅશ્વ ઉપર સવાર થઈને વિચરણ કરીશ. આ કલ્કિ અવતાર કળિયુગના અંતમાં થશે. આ પ્રમાણે સ્વયં ભગવાન પોતાના મુખ્ય મુખ્ય અવતારોનું વર્ણન કરીને આગળના અધ્યાયમાં કહે છે -

**यदा यदा च वेदोक्तो धर्मो नाशिष्यतेऽसुरैः ।**
**प्रादुर्भावो भविष्यो मे तद्रक्षायै तदा तदा ॥**

(वा.मा अ.१८.श्लो-४६)

- હે બ્રહ્મન્ ! મારા આટલાજ અવતાર નથી પરંતુ જ્યારે જ્યારે અસુરો વેદોક્ત ધર્મનો નાશ કરશે ત્યારે ત્યારે ધર્મની રક્ષા માટે હું અવતાર ધારણ કરીશ. હું અનંત અવતાર ધારણ કરું છું મને દેશ અને કાળનું બંધન નથી. હું દેશ અને કાલાતીત છું.

ક્રમશઃ

# નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપત નહિ ખાત

- હિંમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

ઉપરના મથાળામાંની આ દિવ્ય કણીકા સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી રચિત પદમાં ગર્ભિત રીતે ગહનઅર્થ ધરાવતી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનાં એક તરફ વૈશ્વિક ધર્મોના પ્રેમભર્યા સહજ સ્વીકારનાં દર્શન કરાવે છે, ને બીજી તરફ માનવને માનવીય જરૂરીયાતોની ખપ પ્રમાણે જ સંગ્રહને ઉપયોગ કરવાની મર્યાદા રેખા પણ નિર્દિષ્ટ કરે છે.

અવતારોના અવતારી શ્રી સહજાનંદ સ્વામી મહારાજે તેમના સદ્‌ગુરુ રામાનંદ સ્વામી પાસેથી દીક્ષા ગ્રહણ કર્યા પછી 'સ્વધર્મ'ની સ્થાપના કરી ત્યારે સાગર સમા વિશાળ હૃદય 'સ્વધર્મ સ્વીકાર' અને 'સર્વ દેવોને ભાવ સાથે નમસ્કાર' સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મહત્તાને મહાનતાને ઉજાગર કર્યા છે. છતાંય તે સમયમાં પણ અગણિત સંઘર્ષોનો સામનો કરતાં કરતાં 'સ્વધર્મ'ને આજે જાગતિક સ્તરે વધતી માત્રામાં સ્વીકાર્ય અને અનિવાર્ય કરાવતા ગયા છે.

આ સંપ્રદાય સનાતન ધર્મના પાયાના અપૌરૂષેય ચાર વેદો, ૧૮ પુરાણો, અગણિત શ્રૃતિઓ, સ્મૃતિઓ, બ્રાહ્મણ ગ્રંથો, વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર, રેખાશાસ્ત્ર, વેદાન્ત, ન્યાયશાસ્ત્ર, યોગશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર ઈત્યાદિના અડીખમ પાયાઓ પર આજે કાંઠું કાઢીને માનવમાત્રને આવકારી જાવમાત્રને આત્મભાવે સ્વીકારે છે.

તદુપરાંત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વૈશ્વિક આવરણમાં ઝગમગાટ કરતાં ભારતીય સદ્‌શાસ્ત્રોમાં શ્રી રામાયણનું જીવનદર્શન, શ્રીમદ્ ભાગવતજીનું વ્યવહાર દર્શન અને શ્રી ભગવદ્ ગીતાના જ્ઞાન, કર્મ, ભક્તિયોગના દિવ્ય વૈચારિક, સામાજિક, સાંસારિક, રાજકીય, આધ્યાત્મિક, મનોવૈજ્ઞાનિક, અર્થશાસ્ત્રીને તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતને પણ 'સ્વધર્મ'માં ઉપયુક્તપણે સમાવી જીવાત્માને દિવ્ય જીવનદર્શન પણ કરાવે છે.

પૃથ્વી પટ પર અનંત સમયથી વર્ચસ્વ ધરાવતા સનાતન ધર્મના વિકલ્પો તરીકે છેલ્લા ત્રણ-ચાર હજાર વર્ષોમાં અન્ય નાના-મોટા પંથો સ્થપાતાં પંથ-પંથ વચ્ચે, ઉપપંથ-ઉપપંથ વચ્ચે આજે ઊભી તિરાડો અસ્તિત્વમાં આવી છે. જેથી રાગદ્વેષ, હૂંસાતૂંસી, બિનજરૂરી અહંકેન્દ્રી સ્પર્ધાને કારણે કેટલાયે ધર્મ યુધ્ધો થઈ ગયાં છે. તોયે સનાતન ધર્મ માઉન્ટ એવરેસ્ટ જેમ ઉત્તુંગ ઊભો છે. અને કોઈ પણ જાતના વાદ-વિવાદ-વિતંડાવાદમાં ફસાય વગર પુષ્ટ બનતો રહ્યો છે જેને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે તેને પુનર્જીવિત કરી વધુ આકર્ષિત ને સુગંધિત બનાવ્યો છે.

વળી, સદ્‌શાસ્ત્રોના આદેશાનુસાર પરમાત્માના એકમાત્ર નિરાકાર સ્વરૂપના સ્વીકાર સાથે સાથે અવતારવાદ અને પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિપૂજાના મહાત્મ્યને ઉજમાળું કર્યું છે. તદુપરાંત મંદિરોમાંની મૂર્તિઓના દેદીપ્યમાન સૌંદર્ય-દર્શન, ચોમેર સ્વચ્છતાનું દિવ્ય વાતાવરણ, ત્રિકાલ સંધ્યા આરતીઓ ઉપરાંત મંગલા આરતી, ભોગ અર્પણ આરતી, મધ્યાહ્ને વિરામ આરતી, સાંજે સંધ્યા આરતી બાદ પોઢણિયાના મનમોહક ને હૃદય લુભાવન પ્રસંગોની ભરમારની એક અદ્‌ભુત લાઈફ-સ્ટાઈલ, જીવનધોરણથી સત્સંગીઓને અંતરથી ઓતપ્રોત કરી દીધાં છે. આમ સતત સંપર્કમાં રહેતા અતિ શ્રધ્ધાળુ સત્સંગીઓને શિક્ષિત-દીક્ષિત કરી, જ્ઞાન સમૃધ્ધ બનાવી આધ્યાત્મિક ઉત્થાન દ્વારા મોક્ષમાર્ગે દોડતા કરી દીધા છે. એજ તો શ્રીહરિની પૂર્ણ કૃપા છે.

અને આવી શ્રીહરિની પૂર્ણ કૃપા સત્સંગી સરળતાથી મેળવી શકે તે માટે સદ્‌ગુરુ પ્રથાનો સ્વીકાર મંદિરના પટાંગણમાં ધર્મ સંમેલનો, કથાવાર્તાની ભરમાર

તો માત્ર અહીં જ જોવા-માણવા મળે.

મંદિરમાં જ ઋતુક્રમપ્રમાણેના વાના પ્રભુ પ્રસાદ બની કરોડો સત્સંગીઓને વખતોવખત જ્ઞાનયજ્ઞો, કથાવાર્તા, થાળ ધરાવતાં જ કે સંતોને ભોજન કરાવતાં જ કરાવનારને ભેટ સામે સપ્રેમ વળતર મધુર પ્રસાદ બની પહોંચી જાય છે.

મંદિરો હવે સ્વાસ્થ્ય સુરક્ષાને કીફાયત દામે સત્સંગીઓને મંદિરમાં જ બનાવાયેલા શુધ્ધ, સાત્વિક ને સ્વાદિષ્ટ અનેકવિધ નાના મોટા પેકિંગમાં પણ ખપત પ્રમાણેનું ખાત માગનાર માટે ખડેપગે તૈયાર રાખે છે.

તદુપરાંત, સ્વામિનારાયણ ભગવાનની ફરફર ફરકતી ધ્વજાને આવનારા અનંત સમય સુધી ધર્મ-સંદેશ આપતી રહે તે માટે સાધુ, સંતો, સાધ્વીઓ માટે સ્પષ્ટને સુગઠીત નિયમો, બાળકો, યુવાનો, યુવતીઓ, કુમારીકાઓ, સુહાસીની અને વિધવા મહિલાઓ અને વૃધ્ધો ઈત્યાદિના અલગથી નિયમો ચૂસ્તપણે પડાતા રાખવાનું જાગ્રત તંત્ર ગોઠવી રાખેલ છે અને આપતકાળમાં આકસ્મિક પરિસ્થિતિઓમાં આવા ચૂસ્ત જો જડબેસલાક નિયમોમાં સત્યની રક્ષા, ગૌ-બ્રાહ્મણને કોઈ ત્રસ્ત જીવની જીવાદોરી ઉપર અકાળી આવી પડેલ સંકટથી તે દુર્ભાગી જીવને ઉગારી લેવા શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન ઈત્યાદિના માધ્યમથી પ્રચારિત ને પ્રસારિત કરતું રહ્યું છે.

સ્વામિનારાયણ મંદિરની આવી જડબેસલાક ને વૈવિધ્યતા ભરી લાઈફ સ્ટાઈલ એટલે કે જીવન વ્યવહારના જાણકારને અનુભવીઓનાં મંતવ્ય પ્રમાણે સંસારના ત્રિતાપોથી ત્રસ્ત કોઈ ભાગેડું જીવ લંગોટિયો બાવો બની શકે પરંતુ સ્વામિનારાયણ ધર્મમાં સમ્માનિત, સમર્પિત સાધુ બનવા તો તેણે હજારો ગળણે ગળાવું પડે ને સૂક્ષ્મ છિદ્રોવાળી ચાળણીમાંથી ચળાવું પણ પડે.

સ્વામિનારાયણ ધર્મને રોમેરોમથી ન્યોચ્છાવર થઈને જીવી ગયેલા સંતોના ચોતરફ ગાજતા ઉપનામોમાં પણ 'પ્રેમસખી'નું મધમીઠું ઉપનામ સંપ્રદાયના ભજન-કીર્તન, ધૂન્ય, પદો, ઈત્યાદિમાં વિશ્વ વ્યાપી વાજતું ને ગાજતું છે સ્વામી પ્રેમાનંદ. વિશ્વમાંના બધા જ મંદિરોમાં આ નામનું સ્મરણ પણ સત્સંગીઓને સાત્ત્વિક ઉર્જા પ્રદાન કરતું રહે છે.

આ લેખના મથાળે 'ખપત' અને 'ખાત' શબ્દો માર્મિક ટકોર કરે છે. ખપત એટલે જરૂરિયાત જેમાં સમગ્ર પૃથ્વીનાં જીવોનો સમાવેશ થાય છે.

'ખાત' એટલે મૂહુર્ત. ખાતનો બીજો અર્થ થાય છે લિખિત દસ્તાવેજ. આ પદમાં ખાતનો અર્થ ખેતર-વાડીને પોષણ આપતું ખાતર અને જીવમાત્રને જીવતી રાખતાં ખાદ્યપદાર્થ-પીણાં.

સ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વજ્ઞાન પર આધારિત પ્રાર્થના પદોના સહારે સૌ જીવોના, 'પ્રેમસખી' બની સત્સંગીઓ માટે ભયસૂચક સાયરન વગાળતાં પ્રબોધે છે કે, જરૂરત હોય, પેટ પચાવી શકે માત્ર તેટલું જ ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, પેટની મુઠ્ઠીભર જરૂરિયાતને સ્થાને સવારે ઉઠતાં તે ઠેઠ રાતે સૂતાં સુધીમાં ડબલ રોટી સ્વાહા ! તળેલું-ગળેલું સ્વાહા ! વાસીકૂસી સ્વાહા ! માદક પીણાઓ સ્વાહા ! નશીલા પદાર્થો પણ સ્વાહા ! આ ક્યો યજ્ઞ કહેવાય !

વેદોની એક લાખ ઋચાઓમાં એંશી હજાર મંત્રો તો માત્ર યજ્ઞ-યાગાદિકમાં તે તે યજ્ઞ દેવતા પાસેથી 'મને આ ખપે, તે ખપે ને બધું જ ખપે'ની બિના ખપતની લાવલાવ જ જોવા મળે છે.

સ્વામિનારાયણ મંદિર અહીં પણ બિચારા લાલચુ માનવની ખપે...ખપે... ખપેમાં તે ખુદ ન ખપી જાય ને અતિ દુર્લભ મનખા દેહનો ઈહ અને પરલોક સુધરી જાય તે દૃષ્ટિથી મંદિર સાથે જોડાયેલ તમામે તમામ જીવો સ્વસ્થ રહે, વ્યસ્ત રહે ને મસ્ત રહે તે માટે આરોગ્યપ્રદ પરિપાટીનું વ્યાપક પ્રચલન કર્યુ છે. નિયમિતપણે સાદું ને સુપાચ્ય ભોજન જ ખાવું. પ્રવાહી

ભોજનને પણ પ્રાધાન્ય આપવું. શુદ્ધને સાત્ત્વિક ભોજનનું મહાત્મ્ય જાળવવું. પ્રભુને ભોગ ધરાવીને પોતે પ્રસાદ સમજી આરોગવું.

હળવાફૂલ રહેવા એકટાણા, વ્રતો, ઉપવાસો તથા નિર્જલા ઉપવાસો ને પોતાની પ્રકૃત્તિ પ્રમાણે સ્થાન આપવું. સત્સંગીઓ હૃદયસ્થ કરવા જેવી વાત તો એ છે કે, માનવીય ઈંન્દ્રિયો મૂળે નિર્જીવ છે. માત્ર આત્મ ચૈતન્ય જ તેમને સળવળાવી માનવને તેના જન્માંતરોના કર્મો ભોગવવા પ્રેરિત કરે છે. આથી ગલત દિશામાં ભાગતો માનવ ઊંડી ગર્તામાં પડી આ જ જન્મમાં આ જ સંસારમાં નારકીય યાતનાઓ ભોગવે છે અને બીજી બાજુએ સદ્‌ગુરુની સુરક્ષા ક્વચ મેળવેલ મંદિરમાં મહાલતો સત્સંગી ક્રામિક પણે ઉર્ધ્વગામી બની ઈહ-પરલોક પણ આ જ ભવમાં સુધારી જાય છે. આધ્યાત્મિક દષ્ટિથી એ જ તો સાંસારિક ત્રિતાપનું વડગણ છે જેથી માનવ પહેલાં ભોગીષ્ટ, પછી રોગીષ્ટ ને અંતે મૃત્યુનિષ્ઠ અને તે પણ અકાળે પણ થાય છે.

બસ આ જ વળાંક પર ધર્મ, મંદિર, મૂર્તિ, સ્વધર્મ, સદ્‌ગુરુ, સમભાવ, શુધ્ધ ને અડગ નિષ્ઠા, દ્રઢ વિશ્વાસ ને અકાંતિક ભક્તિ જ ભુજના સ્વામિનારાયણ મંદિરમાંની પ્રાણપ્રતિષ્ઠિત શ્રી ઘનશ્યામ મહારાજના મૂર્તિ દર્શન કરતાં કરતાં ખુદના મનમંદિરમાં, હૃદયમાં જ શ્રીહરિને પ્રતિષ્ઠિત કરી પોતાની જ બિનખપત ને ખપતનો અહેસાસ કરી શકે છે.

શ્રી સહજાનંદ સ્વામી સ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયએ સર્વ સત્સંગીઓને સ્વયંસિધ્ધ ‘ષડાક્ષરી સ્વામિનારાયણ’ મહામંત્રરૂપી સુદર્શનચક્રનું આધ્યાત્મિક હથિયાર આપી સ્વયં તેનો ઉપયોગ કરી આ ભવે જ મોક્ષ મેળવાના હક્કદાર બનાવી દીધા છે.

# આવુ તો પૂર્વે કોઈએ માંગ્યુ નથી !!!

**- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત (વેળાવદરવાળા)**

(ઉત્તર ગુજરાતની બાઈઓ ભક્તને પ્રસાદરૂપ ફગવા)

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા ઉપર અવતરીને આપણા જેવા અનેકા અનેક જીવોને આત્યાંતિક મુક્તિનો માર્ગ ચિંધ્યો છે. તેમની દિવ્ય અનેક લીલાઓ દ્વારા અનેક અસંખ્ય જીવોને તાર્યા ઉધાર્યા છે. તેમાં પણ સાંરગપુર માં ભગવાન શ્રીહરિએ કરેલા એ રંગોત્સવની લીલાની સ્મૃતિ જે ભક્તિચિંતામણી ગ્રંથમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ અદ્‌ભુત રીતે કંડારી છે. જે આપણને સૌને ભક્તિનો સાચો માર્ગ સાધવામાં ખૂબ ઉપયોગી નીવડ્યો છે. આવા સમૈયા ઉત્સવોનું હાર્દ સંતો ભક્તોને મહારાજના દર્શન થાય, ભીડો વેઠવાનો અનુભવ થાય, જ્ઞાન ઉપદેશ સાંભળી સમજણની દઢતા થાય, અરસ પરસ વિવેક મર્યાદાની અનુભૂતિ આવે, સાથે સાથે મહારાજ અને ભક્તોના સંબંધના યોગે કરીને આનંદ પ્રાપ્ત થાય.

સામાન્ય રીતે સંસારમાં અને તેમાં ગૃહસ્થ વ્યવહારમાં હોળી હુતાશણી વડે દિવસોમાં હોળી પ્રગટ્યા પછી ફાગણ એટલે કે બિભત્સ ભાષા બોલાય છે. ઠઠ્ઠા મસ્કરી થાય છે. અને પછી ખજૂર દાળિયાનો કે નાળિયેરનો પ્રસાદ ફગવા વહેંચાય છે. જ્યારે મહારાજ ના સમયે સંવત્ ૧૮૬૮ની સાલમાં સારંગપુરમાં હોળી-ધૂળેટીનો ઉત્સવ જે રંગોત્સવ તરીકે અનોખી રીતે ઉજવાયો. જે સુવર્ણ અક્ષરે સત્સંગમાં લખાયો અને વિશેષે તે દિવસે મહારાજે બહુ જ રાજી થઈ અતિ પ્રસન્ન થઈ ઉત્તર

ગુજરાતની બાઈઓને અલૌકિક વચનરૂપી ફગવા પ્રસાદ આપ્યો તે કંઈક અલૌકિક હતો.

સારંગપુરમાં રંગોત્સવ વખતે પુરુષોમાં સંતો, પુરુષભક્તો અને મહારાજ એક બાજુ જુદી તેમજ અલગ જગ્યાએ દૂર મર્યાદામાં રહી સ્ત્રી-સ્ત્રીઓ અલગ રંગ ઉત્સવ કર્યો. સ્ત્રીઓના બે વૃન્દો જેમાં એક કાઠીયાવાડની સ્ત્રીઓ સારંગપુર, ગઢડા વગેરેની અને બીજું વૃન્દ ઉત્તર ગુજરાત અને ચરોત્તરના સ્ત્રી ભક્તોનું હતું. કાઠીયાવાડની સ્ત્રીઓએ મહારાજ પાસે પૈસા માંગ્યા. કારણ તે વિસ્તારમા આવકનું સાધન ઓછું હતું અને વારંવાર આવા ઉત્સવ થઈ શકે તે માટે. દેશકાળ નબળા હોય, આવો ઉત્સવ ન થઈ શકે માટે પૈસા માંગ્યા. જ્યારે ઉત્તર ગુજરાતની બાઈઓએ ફગવા વચનરૂપી પ્રસાદ તો કોઈક અલૌકિક પૂર્વે માટા ઋષિમુનિઓ કે સંતો ભક્તોએ પણ ન માંગ્યો તેવો મહારાજ પાસેથી માંગી લીધો. જેમાં ડાંગરવાના જતનફઈ, જેતલપુરના ગંગામા, ચલોડાના જીતબા, ઉદયકુંવરબા, વીસ નગરા બાઈએ, વહેલાલના વખત બા હતા. મહારાજ પાસે માંગી લીધું આ આપો અને આ ન આપો તેમ કહી કહ્યું, હે મહારાજ વચન ફગવા પ્રસાદ જરૂર આપશો ને? મહારાજ કહે જરૂર આપીશું.

અદ્‌ભુત માંગણી કરી આ લોકની નહિ પણ પરલોકના ભાથાની તેમાં મુખ્ય ૭ વાના માંગ્યા. અને ૧૨ વાના ન દેવા તેવું માંગ્યું. તેવી માંગણી કરી છે, હે ભગવાન આપની માયામાં સહુ આજે આવરીયા છે. એ માયા અમને ન વ્યાપે તમારામાં ક્યારે મનુષ્ય બુધ્ધિ ન આવે. તમારી લીલા કાયમ અલૌકિક અને દિવ્ય લાગે. જે તમારા સત્સંગી કહેવાય છે તેનો અભાવ ન આવે. દેશ, કાળ, ક્રિયામાં તમોને અમો ક્યારેય ન વિસારીએ. અંતઃશત્રુ ન વ્યાપે જેથી અમારી મતિ ન ફરે. તમોને ભજતા કાંઈ આડું ન આવે. એટલું માંગીએ છીએ તે દયા કરીને આપો.

અને આ વસ્તુ બાબત ન આપતા જેથી તમે ભૂલાઓ નહીં. કુસંગનો સંગ ન આપજો. અધર્મીથી ઉગારજો. સંસારનું સુખ ન આપજો અને વિમુખ જોડે ક્યારેય વાસ ન આપજો. હરિજનનો- સંતોનો ક્યારેય વિયોગ ન આપજો. અંહકારી સ્વભાવ ન આપશો. જગતની મોટાઈ ન આપશો. અંતઃશત્રુથી ઉગારી લેજો. દેહસુખનો સંયોગ ન આપજો. હરિજનનો અભાવ ક્યારે ન આવે તેવું આપશો. એ આદિ આ વસ્તુ બાબત અમો નથી માંગતાં.

આમ માંગ્યું અને ન પણ માંગ્યું. જે સાંભળીને પ્રભુ બહુ જ રાજી થયા અને કહ્યું જાવ તે પ્રસાદ વચન તમોને આપ્યા. આવું વચન માંગી લઈને ગુજરાતના સ્ત્રી ભક્તો ફાવી ગયા. આવું સરસ પૂર્વે કોઈએ માંગ્યું પણ નથી અને આપ્યું પણ નથી એવું માંગ્યું. ધન્ય છે પ્રસાદરૂપ ફગવા પામનાર બાઈઓને.

નરનારાયણ જાહી ન પ્યારે,
સો નર ખર શૂકર કુર સમ,
જીવત પ્રેત જ્યું હી તનુ ધારે...નર. ૧
ભય નિદ્રા આહાર મૈથુના,
સબ જીવનાકે લાર લગારે,
નરતન અધિક ભજે જો પ્રભુપદ,
નહીં તો કહે હે પશુસમ સારે...નર. ૨
સુંદરરૂપ સુજાન સકલ ગુન,
ઉત્તમ કુલ ઉત્પન્ન ધન ભારે,
જો ઉર ભક્તિ નહીં પ્રભુજી કી,
ઈંદ્રામન ફલ સમ કરવારે...નર. ૩
ક્રીયા કુલ સબ જગમેંહી કીર્તિ,
અતિશય દેવત દાના ઉદારે,
બ્રહ્માનંદ ભક્તિવિન શોભત,
જેસે ભૂષન નાક વિના રે...નર. ૪

# જોબનપગીનું આખ્યાન

- ધરમશીભાઈ દેવશી ભગત, કેરાલા

એક વખતે જોબનપગી વડતાલમાં જ્ઞાન બાગની સામે કેદારનાથના મંદિરમાં સાથીદારો સાથે બેઠા હતા. તેવામાં હિરો ભરવાડ દોડતો દોડતો આવ્યો ને બોલ્યો જોબનબાપા આપણી ગાયો બે મુસલમાનો લઈ ગયા. યાકુરખાન અને અલારખા નામના બે મુસલમાનોએ ઘણ વાળેલું ને ઉમરેઠના રસ્તે ગાયો લઈ ગયેલા. જોબન સાથીદારોને કહે ઊભા થાવ ને હથિયાર લઈ લો. ઉમરેઠના રસ્તે ઘોડાં દોડાવ્યા. પેલાનો ભેટો થઈ ગયો. ધિંગાણું થયું બે મુસલમાનોને ભડાકે દીધા. બીજા ઘણા મરાણાને ઘણા ભાગી ગયા. જોબનપગી બસો જેટલી ગાયોને લઈ વડતાલ આવ્યા. ગાયો હિરા ભરવાડને સોંપી. ચરોત્તરમાં જોબનપગીના ત્રણસો જેટલાં ખાનગી ઠેકાણાં હતાં તેના બાવન જેટલા બાતમીદારો હતા. આ બધા ગમે તેવું મોટું કામ કરતા પણ જોબનના નામે સલામતી અનુભવતા. વડતાલમાં વડેઉ માતાજીના પૂજારી નારાયણગીરી બાવો જોબનના નાનાપણના દોસ્ત હતા. કોઈ જગ્યાએ ધાડ પાડવી હોય તો પહેલાં તેનું શુકન કે અપશુકન થશે તે આ નારાયણગીરી પાસે જોવરાવતા. ઘણી વખત લૂટનો માલ પણ આ બાવા પાસે રાખતા.

લુણાવાડા ગામના રાજા વીરભદ્રસિંહ હતા. માવદાનજી તેમના રાજકવિ હતા. તેમણે જોબનપગીનું વૃતાંત લખ્યું છે તેમાં લખ્યું ચે વીરભદ્રસિંહે બહારવટીયા ઠાકોર અમરાજીને અભયવચન આપી શરણે રાખેલા આ અમરાજીએ માવદાન કવિનો તિલક ચાંદલો જોઈ કહેલું તમારા સ્વામિનારાયણ પંથમાં જોબનપગી થયા તે મારા દાદાના સગા મામા થતા હતા. મારા દાદાને જોબનપગીએ રૂપાનું મઢેલું ત્રિશુલ આપેલું. તેના ત્રણે પાંખમાં જોબનભાયા એવું લખેલું છે અમે એ ત્રિશુલ સાચવી રાખ્યું છે. જે અમરાજીએ કવિ માવદાનજીને બતાવેલું. દશ વર્ષમાં જોબનપગીએ લાખો રૂા. ની લૂટ કરી પછી તે સત્સંગી થયો ત્યારપછી પણ દશ વરસ સુધી લૂટફાટ કરી. સેંકડો માણસોને માર્યા. દ્વારકાથી પંઢરપુર સુધી લૂટ કરેલી. નાના છોકરાં જોબનનું નામ સાંભળી રડતાંબંધ થઈ જતાં. ગાયકવાડ સરકારનું રાજ ૨૪૦૦ ગામોમાં હતું. તેના બાબા સાહેબ જેવા ઘણા પ્રધાનો કર વસુલીનું કામ કરતા. આ રીતે અમરેલી પ્રાંતમાંથી કર ઉઘરાવી બાપુભાઈ ગાર્ડી રૂપિયાના થેલાઓ વિસેક ગાડામાં ભરી બંદૂક ધારી સિપાઈઓ સાથે રવાના થયા. જોબનપગીને આ સમાચાર મળ્યા. ખજાનો લૂંટવાનો પ્લાન ઘડાયો. વડતાલમાં ખોડીબાબા પાસે શુકન જોવરાવ્યું. બાબાએ કહ્યું ચરોત્તરની સીમમાં તમે ફાવશો. પછી નારાયણગીરીના મઢમાં વ્યુહરચના કરી. હથિયારો લઈ ભીલોને તૈયાર રાખ્યા. રાતના સમયે વગડાની ઝાડીમાં બધા સંતાયા. મશાલો બળતી આવે છે, ગાડાં ચાલ્યા આવે છે. એક ગાડું પાછળ રહી ગયેલું. નદીના વેણમાં પૈડું ખાડામાં પડ્યું. વજન હોવાથી પૈડું નીકળ્યું નહિ. રૂડીઆ રખડુ પાસે મોઢેથી સાંકેતિક અવાજ કરાવ્યો જેથી સંતાયેલા ભીલો દોડી આવ્યા. માણસોને પકડી બાંધી દીધા. રૂપિયાની થેલી લઈ સૌ

ભાગ્યા. થેલીઓ એક જગ્યાએ જમીનમાં દાટી દીધી. એક થેલીના રૂપિયા બધાને વહેંચ્યા. ગાયકવાડ સરકારને ખબર પડી કે રાજનો ખજાનો લૂટાયો છે ને લુટનારા વડતાલના છે. સરકારનો એક અમલદાર સૈનિકો લઈ વડતાલ તપાસ માટે આવ્યો. જોબને સાથીદારો સાથે તેને ઠાર માર્યો. ગાયકવાડના દરબારમાં જોબનને જીવતો કે મરેલો પકડવાનું બીડું ઝડપવા કોઈ તૈયાર ન થયું.

આજ રીતે મહિના પછી ઓખા મંડળથી તિજોરી ભરેલાં ગાડાં રવાના થયેલાં. જોબન તે લૂંટવા પણ તૈયાર થયો. ચરોતરમાં ગાડાં આવે એટલે લૂંટવા એક ગાડાંની ધૂસરી તૂટી ગયેલી. વજન વધારે હતો ગાડું ઊભું રહ્યું. ફરતે બંદૂકધારી સૈનિકો ચોકી પહેરો ભરવા લાગ્યા. આ છાવણીની બાજુમાં સૌ ભીલો સંતાયા. ઊંટ તથા ઘોડા માટે જે ઘાસ હતું. તે ઘાસ જોબને સળગાવ્યું. ગાડાના ચોકીદારો આગ ઓલાવવા દોડી ગયા. તેવામાં ભીલો દોડી આવ્યા. ગાડાપર રહેલી તિજોરી તોડી થેલીઓ ઉપાડી જવા લાગ્યા. એક જગ્યાએ ભેગા થયા, વિચાર કર્યો. આ થેલા વડતાલ કઈ રીતે લઈ જવા. હમણાં અજવાળું થશે ને કોઈક તો ભાળશે ને. પછી નવો પ્લાન ઘડાયો. એક નનામી તૈયાર કરી તેના ઉપર મડદાને બદલે આ થેલીઓ ગોઠવી ચાદર ઓઢાડી દીધી. માથે ફાળિયાં બાંધ્યા ને રામ નામ સત્ય હે, બોલતા બધા થેલા લૂંટાયેલા ગાડાં પાસેથી જ પસાર થયા. ચોકિદારો ને થયું કોઈ ડોસો ગુજરી ગયો છે તેને લઈ જાય છે. આપણો જ માલ જાય છે તેવું લાગ્યું નહિ. લૂંટનો માલ વડતાલ આવી ગયો. સરકારે તે માલ પાછો મેળવવા ૨૫ સૈનિકો મોકલી વડતાલને ઘેરો ઘાલ્યો. જોબને આ ૨૫ સૈનિકોને ઠાર માર્યા. પછી કોઈ તપાસ માટે આવવા તૈયાર ન થયું. ગાયકવાડને થયું મારે એક વાર આ જોબનને જોવો છે. તેમણે જાહેરાત કરી જોબનપગી જો રાજને શરણે થાય તો તેના તમામ ગુના માફ કરવામાં આવશે. જોબનને થયું આમા લલચાવી પકડી લેશે ને જેલમાં પુરી દેશે. જોબને તપાસ કરાવી આમાં દગો ન હતો છતાં જોબનનું મન માનવા તૈયાર ન થયું.

# શીઘ્ર કવિ સ્વામી ભૂમાનંદ

- પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી, રાજકોટ

સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'નંદ' અંત્યાક્ષર આવે એ રીતે નામાભિધાન રાખેલ. ૫૦૦ પરમહંસોમાં શ્રી ભૂમાનંદ સ્વામીનું જીવન અને કવન જોતાં એમનું નામ ભૂલાય તેમ નથી. તેમનું વ્યક્તિત્વ એક અનેરા, અનોખા અને અદ્વિતીય સંત તરીકે અન્ય સદ્‌ગુરુઓ કરતાં ઉપસી આવે છે. સ્વામી ભૂમાનંદે જે ભક્તિ સાહિત્યનું યોગદાન સંપ્રદાયને કર્યું છે, તે એક આગવી ભાત પાડી જાય છે. એમણે રચેલ હૃદયસ્પર્શી અને હૃદયંગમ કીર્તન, -

"સર્વે સખી જીવન જોવાને ચાલો રે,<br>
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે..."

વધુ પ્રચલિત છે.

ભૂમાનંદ સ્વામીનો જન્મ જામનગર જિલ્લાના 'કેશીઆ' ગામમાં સંવત્ ૧૮૫૨ના વૈશાખ સુદ સાતમના રોજ થયો હતો. પિતાનું નામ રામજીભાઈ અને માતાનું નામ કુંવરબાઈ. જ્ઞાતિએ કડિયા. તેમનું પૂર્વાશ્રમનું નામ 'રૂપજીભાઈ' હતું. પિતાએ અથથી ઈતિ સુધી માંડીને ભગવાન સ્વામિનારાયણના મહિમા અને ઐશ્વર્યની વાતો કહી સંભળાવી હતી. પરંતુ દર્શન કરવા જવાનું શક્ય ન બન્યું. કારણ કે પિતાજી બહુ જ બીમાર પડ્યા તેથી પિતાની સેવામાં જ સમય વ્યતીત કરતા. જીભ પર અહર્નિશ ભગવાન સ્વામિનારાયણનું નામ હોય.

પિતાજીનો દેહવિલય થવાનો હતો ત્યારે તેમને તેડવા માટે સંતો સહિત શ્રી સહજાનંદ સ્વામી પધાર્યા. પિતાની માફક રૂપજીભાઈને પણ દિવ્ય દર્શનનો અલભ્ય લાભ મળ્યો. દર્શન થતાંની સાથે જ રૂપજીભાઈને સમાધિ થઈ ! સમાધિમાં તેમણે તેજોમય અક્ષરધામમાં દિવ્ય સિંહાસન પર વિરાજેલ સહજાનંદ સ્વામીના દર્શન કર્યાં. એમની સમીપ અક્ષરમુક્તો અને હરિભક્તોની અકડેઠઠ અલૌકિક સભા ભરાઈને બેઠી હતી. શ્રીસહજાનંદ સ્વામીએ રૂપજીભાઈને બોલાવી પોતાના કંઠને વિષે ધારણ કરેલ હાર પ્રેમથી પહેરાવી દીધો !

રૂપજીભાઈ સમાધિમાંથી જાગૃત થયા. તેમને આપોઆપ મહારાજનું દિવ્ય સ્વરૂપ ઓળખાઈ ગયું. અને પરમ જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ !

પિતા અક્ષરધામ સિધાવ્યા પછી પોતાના ત્રણેયભાઈઓ સાથે 'કેશીઆ' ગામથી 'જીરાગઢ' સ્થિર થયા. પંદર વર્ષની નાની ઉંમરે ભાઈઓની અનુમતિ લઈ રૂપજીભાઈ 'તરઘરી' મુકામે એક શેઠને ત્યાં એક નિષ્ઠાથી ત્રણ વર્ષ નોકરી કરી. આજ સુધી તેમણે પગાર માંગ્યો ન હતો. એક દિવસ પગારની માંગણી કરી, પણ કપટી શેઠે કહ્યું : ''રૂપજી ! મેં તો તને બધો જ પગાર ચૂકવી દીધો છે.'' રૂપજીભાઈએ ખૂબ કાકલૂદી કરી, પણ શેઠ માન્યા જ નહિં.

આખરે તેમણે પંચને બોલાવી પંચ સમક્ષ પગાર અંગે પ્રસ્તાવ મૂક્યો. એ અરસાની અંધશ્રધ્ધા વિશેનો પ્રસંગ ઉલ્લેખનીય છે. 'પંચ ત્યાં પરમેશ્વર' મહાજને નિર્ણય લીધો કે રૂપજીએ લોઢાની ધગધગતી સાંકળ સૌની સમક્ષ પોતાના ગળામાં પહેરવી ! જો રૂપજી સાચો હશે તો તેને આંચ નહિ આવે...

બીજે દિવસે મહાજનની હાજરીમાં રૂપજીએ ભગવાન સ્વામિનારાયણનું નામ લઈ લોખંડની તપાવેલી લાલચોળ સાંકળ સ્વહસ્તે પોતાના કંઠમાં માળાની માફક પહેરી લીધી !!

એમને ઊની આંચ પણ ન આવી. સૌ દિગ્મૂઢ બની આ ૧૮ વર્ષના યુવાનને એકીટશે જોઈ જ રહ્યા ! પંચે નિર્ણય લીધો કે, ''રૂપજી નિર્દોષ છે...''

ત્રણ વર્ષનો પગાર લઈ રૂપજીભાઈ ફરતા ફરતા કચ્છ ભુજમાં આવ્યા. અહીં તેઓ મલ્લ શ્રી ગંગારામભાઈના સમાગમમાં આવ્યા. સત્સંગ તો પારસમણિનો સ્પર્શ છે. તેમણે દૃઢ નિશ્ચય કર્યો કે, લગ્ન કરવાં નહિ અને આજીવન અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરવું. અમે ભુજમાં છ વર્ષ વ્યતીત કર્યા પછી મૂળી ગયા. ત્યાંથી 'ખારવા' મુકામે તળાવની પાળ પર આપોઆપ પોતાના મુખમાંથી નીચેના શબ્દો સરી પડ્યા :

"ન કરો પરણ્યા કેરું કામ, કદી ચૂડો ભાંગે;
રાખો હરિ સંગે હેત, ચૂડો અમર રાખે.
પહેરો સંતની વરમાળ, જમ પાસે ના'વે;
સોંપો તનમન ધન, હરિ તેડવા આવે…"

ખારવાના એક સત્સંગીએ સ્નાન કરતાં કરતાં ઉપરોક્ત શબ્દો સાંભળ્યા. સ્નાનથી પરવારી રૂપજીભાઈનો સત્સંગ કર્યો. આ સત્સંગીનું નામ હતું 'ધનારાબા.' તેમનો આતિથ્ય-સત્કાર માણી ધનારાબાને સાથે લઈ ગઢડા આવ્યા.

શ્રી સહજાનંદ સ્વામી એ વખતે દાદાખાચરના દરબારમાંથી માણકી ઘોડી પર સવાર થઈ લક્ષ્મીવાડીએ જઈ રહ્યા હતા. એ અરસમાં જ રૂપજીભાઈ અહીં આવ્યા. આ શીઘ્ર કવિવર્યનું હૃદય અદ્‌ભુત દર્શન દ્વારા દ્રવી ગયું. અને અનુભૂતિકણરૂપે તુરજ જ - "સર્વે સખી જીવન જોવાને ચાલો રે…" એ કીર્તન આપોઆપ રચાઈ ગયું !

મહારાજ પછી લક્ષ્મીવાડીએ પધાર્યા. રૂપજીભાઈએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. મહારાજ તેમને બાથમાં લઈ ભેટ્યા. અહીં સર્વ સભાને સદુપદેશ આપ્યા પછી મહારાજે પૂછ્યું : "રૂપજીભાઈ ! સંસારી બનવું છે કે સાધુ?"

"મહારાજ શેષ જીવન આપનાં ચરણોમાં જ વ્યતીત કરવું છે."

મહારાજે તેમનો દઢ વૈરાગ્ય જોઈ પરમહંસની ભાગવતી દીક્ષા આપી અને 'ભૂધરાનંદ' નામ રાખ્યું. થોડા વખત પછી તેમનું નામ 'ભૂમાનંદ' રાખવામાં આવ્યું.

'ઘનશ્યામ લીલામૃત ભાગ ૧-૨' દોહા ચોપાઈમાં રચેલો ગ્રંથ છે. તદુપરાંત બાર માસની તિથિઓ, વિરહનાં વિલક્ષણ પ્રકારના પદો, તેમનો કાવ્ય સંગ્રહ 'ભૂમાનંદ કાવ્ય' વ્રજભાષામાં 'વાસુદેવ માહાત્મ્ય', 'શ્રીમદ્ ભાગવત - પંચમ સ્કંધ તથા દશમ સ્કંધ' વગેરે ઉપલબ્ધ છે. 'હોરીઓ' જ્ઞાન અને ઉપદેશથી સભર છે.

"જીવ જોને તપાસી તારું કોણ રે ?" આ પ્રકારના પદો દ્વારા જ્ઞાનોપદેશ આપ્યો છે. તેમનાં કીર્તનોમાં લાલિત્ય, રસસિંચન અને ઉત્તમ ભાવનો સુભગ સમન્વય જોવા મળે છે. ભૂમાનંદ સ્વામીનો રચેલ 'જમો થાળ જીવન જાઉં વારી' એ 'થાળ' ભૂમાનંદ સ્વામીના ભાવવાહી હૈયાની સંવેદનશીલતા અને અંતઃકરણની ઊર્મિનો દ્યોતક છે.


**"શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ"**
નું લવાજમની રકમ ઓનલાઈન બેન્કમાં જમા કરાવી શકો છો.
**બેન્ક ખાતાની વિગત :** બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ
**IFSC Code :** BKID0003800
**ખાતાનું નામ :** "શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ"
**ખાતા નં. :** ૩૮૦૦૧૦૧૦૦૦૦૭૮૨૮
**નોંધ :** નાણા ભર્યા બાદ બેન્ક સ્લીપની ઝેરોક્ષ અને નાણા ભર્યા અંગેની વિગત કાર્યાલયને મોકલવી.

**ભુજ મંદિરની વેબસાઈટ**
**www.swaminarayan.faith**
**ઉપર હજારો કીર્તનો સાંભળી શકો છો.**
**ફ્રી ડાઉનલોડ કરી શકો છે. અને સ્વામિનારાયણ રેડિયો ઉપર આ બધું જ ઉપલબ્ધ છે.**

# સત્સંગ સમાચાર દેશ

### સંત શિરોમણી જ્યોતિષજ્ઞ અ.નિ. સદ્ પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીની પુણ્યસ્મૃતિમાં ઉજવાયો સર્વમંગલ સ્મૃતિ મહોત્સવ

કચ્છ પ્રદેશની ધરાને ધન્યતા બક્ષતા બદ્રિપતિ શ્રી નરનારાયણદેવની નિશ્રામાં સત્સંગ સંવર્ધન અર્થે પોતાનું આયખું ખપાવનાર સંત શિરોમણી જ્યોતિષજ્ઞ અ.નિ. સદ્ પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીની પુણ્યસ્મૃતિમાં ભવ્યાતિભવ્ય સર્વમંગલ સ્મૃતિ મહોત્સવની આનંદભેર ઉજવણી કરવામાં આવી.

સત્સંગની સાક્ષાત્ પરિભાષા સમાન આ પ્રાતઃ સ્મરણીય સંતે વિક્રમ સંવત : ૨૦૭૪, પોષ સુદ - ૪, દિનાંક : ૨૨ - ૧૨ - ૨૦૧૭ના દિવસે આ લોકની યાત્રાને વિરામ આપી શ્રીહરિના નિવાસ સ્થાન સર્વોત્તમ એવા અક્ષરધામની યાત્રાએ સિધાવ્યા. પૂ.સ્વામીના સ્વભાવ અને ગુણોનું મહિમાગાન કરવા આ નશ્વરદેહની ચર્મજીહ્વા અસમર્થ છે. પૂ. સ્વામીએ તો કેટકેટલાય જીવોને સત્સંગની રાહે ચાલતા કર્યા છે. ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતને જ જીવનમંત્ર માનનારા આ ભગવદીય સંતના ગુણોને વાગોળી તેમના પ્રત્યે ગુણાનુવાદ વ્યક્ત કરવા હેતુ ભુજ મંદિરના વડીલ સંતોએ દિનાંક : ૦૨ - ૦૬ - ૨૦૧૮ થી દિનાંક : ૦૬ - ૦૬ - ૨૦૧૮ સુધી સર્વે જીવોના કલ્યાણને અર્થે આ સર્વમંગલ મહોત્સવ ઉજવવાનો નિર્ધાર કર્યો અને તેને સફળ બનાવવા પૂ. સ્વામીના જ શિષ્ય અને હાલે મંડળના વર્તમાન મંડલેશ્વર સદ્. પુ. સ્વામી કેશવજીવનદાસજી, સદ્. પુ. સ્વામી સનાતનદાસજી, સદ્. પુ. સ્વામી માધવપ્રસાદદાસજી, સદ્. પુ. સ્વામી નિષ્કામચરણ દાસજી, શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી આદિ આ મંડળના સર્વે નાના-મોટા સંતો તેમજ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, પુ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ યુવાન સંતોએ કમર કસી હતી. આ વિરલ વિભૂતિ સંતની સ્મૃતિમાં મેડીકલ કેમ્પનું આયોજન થયું જેમાં ૧૫૦૦ દીકરીઓને ગર્ભાશયના અસાધ્ય રોગને નિવારવા રશી આપવામાં આવી હતી. ભગવાન સ્વામિનારાયણનો સર્વજીવ હિતાવહનો સંદેશ આ ભગીરથ કાર્ય દ્વારા સંતોએ સમાજ તરફ વહેતો કર્યો. ગાયોને નિરણ, કીડીને કીડીયારું એવમ્ નાનામાં નાના જીવને ઉદર પોષણ અર્થે ખોરાકનું દાન કરી એમને શાંતિ અને તૃપ્તિની અનુભૂતિ કરાવવાના પ્રયાસો સંતોના માધ્યમે થયા. પૂ. સ્વામીએ હરિચરિત્રામૃત ગ્રંથનું નવીનીકરણ કરી સ્વહસ્તે લેખન કર્યું અને સંપ્રદાયને ઉત્તમ ભેટ અર્પણ કરી હતી, સદ્. સ્વામી કૃષ્ણાનંદ વિરચિત શ્રી હરિચરિત્રામૃત ગ્રથની પૂ. મહંત સ્વામી આદી વડીલ સંતોની ઉપસ્થિતિમાં વિદ્વાન વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી અને શાસ્ત્રી સ્વામી બ્રહ્મમુનિદાસજીના સુમધુર કંઠે કથાનું રસપાન કરાવવામાં આવ્યું. કથાના પ્રથમ દિને શ્રીહરિ જન્મોત્સવ અને મંડલેશ્વર સંતો તેમજ ભુજ મંદિરના સંતો દ્વારા ગુણાનુવાદ પ્રવચન થયા હતા. દ્વિતીય દિને શ્રીહરિ ભુજ નગર આગમન મહોત્સવ અને મંડલેશ્વર સંતો તેમજ ભુજ મંદિરના સંતો દ્વારા સ્વામીના જીવન અને ભજનપ્રિયતા વિષયક પ્રવચન થયા હતા. તૃતીય દિને વિવિધ ફૂલોથી મંડિત કલાત્મક હિંડોળામાં ઝુલતા શ્રીજી મહારાજના દિવ્ય દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવના ચતુર્થ દિને સવારના ભાગમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત સદ્.પુ.સ્વામી ધર્મનંદનદાસજીની હૃદયવાણીએ પૂ. સ્વામીની ભક્તિ

ભાવના અને સત્સંગ સેવા પર ભારોભાર પ્રશંસા અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પૂ. મહંત સ્વામીએ કહ્યું હતું કે, સેવાના ભેખધારી સંત પૂ. સ્વામીની પુણ્ય સ્મૃતિમાં આર્થિક સમસ્યાને કારણે નાના-મોટા રોગોથી પીડાતા લોકોની સેવા કરવામાં આવી છે. હાલે વિદ્યમાન અંજાર મંદિરના સંપૂર્ણ નિર્માણમાં સ્વામીનો મહત્તમ સહયોગ રહ્યો છે એ વાતને યાદ કરી સ્વામીએ એવી ઘોષણા કરી હતી કે, નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજારમાં અધિષ્ઠાતા દેવ શ્રી ઘનશ્યામ મહારાજના મધ્યખંડનો સુવર્ણ દ્વાર અ.નિ. સદ્ પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીની ચિર સ્મૃતિ અર્થે સ્થાપિત કરવામાં આવશે. તદુપરાંત શ્રી ઘનશ્યામ મહારાજનો સુવર્ણ મુગટ અને રજત મોજડી, ભગવાન શ્રીકૃષ્ણની સુવર્ણની મોરલી તથા શ્રીરાધિકાજીની રજત પર્સની સેવા પૂ. સ્વામીની સ્મૃતિ કથા પ્રસંગે દેશ-વિદેશના હરિભક્તો દ્વારા થયેલ. આ પવિત્ર સંકલ્પને ઉપસ્થિત સૌ સંતો, સાંખ્યયોગી બહેનો અને ભક્તજનોએ વધાવ્યો હતો. સાંજના સત્રમાં પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજે પૂ. કેશવપ્રસાદદાસજી જેવા સંત મળવા મુશ્કેલ છે, જેમણે જીવનમાં સત્સંગને જ સર્વસ્વ માન્યું હોય એ જ જીવાત્મા આવા સંતના સમાગમનો અધિકારી બને છે એમ કહી પૂ. સ્વામી પ્રત્યે સદ્‌ભાવના વ્યક્ત કરી હતી તેમજ જુનાગઢ, વડતાલ, ગઢડા, જેતલપુર આદિ ધામો-ધામથી પધારેલ સંતવૃંદે સ્વામી પ્રત્યેનો પોતાનો ગુણાનુવાદ ભાવ વ્યક્ત કરેલ. પંચમ દિને પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજના વરદ્‌હસ્તે શ્રી ઠાકોરજીનો પંચામૃત દ્વારા મહાભિષેક થયો હતો. પૂ. સ્વામી દ્વારા શ્રીહરિચરિત્રામૃત ગ્રંથનું નવીનીકરણ કરી સ્વહસ્તે લેખન કરવામાં આવ્યું હતું તે ગ્રંથના પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, પૂ. મહંત સ્વામી, સદ્. પુ. સ્વામી સનાતનદાસજી આદી સંતોના વરદ હસ્તે દર્શન કરાવવામાં આવ્યા ત્યારે આખી સભા ભાવવિભોર બની હતી. પૂ. મહારાજશ્રી એ કહ્યું હતું કે, "આવા ઉચ્ચકોટીના સંત આપણને જે આ શાસ્ત્ર આપી ગયા એ જ આપણા માટે એમની દિવ્ય સ્મૃતિ છે. આ શાસ્ત્રના આધારે વર્તન કરીએ, પંચ વર્તમાનમાં રહીએ, એ જ એમના પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ છે. હું ભલે આચાર્ય પદે છું પરંતુ, પૂ. સ્વામી કેશવપ્રસાદદાસજીનું મને સાંનિધ્ય મળ્યું એ બદલ હું બળભાગી છું. આવા સંતના જીવનની અસર આપણા સૌના જીવન પર થાય એ જ તો આપણા જીવનની સફળતા છે."

આ મહોત્સવના સભા સંચાલનનો દોર શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરુપદાસજીએ સંભાળ્યો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત સદ્.પુ.સ્વામી ધર્મનંદનદાસજી, સદ્. પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સદ્. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સર્વે સંતોએ પૂ. સ્વામીની સ્મૃતિઓને સમસ્ત સત્સંગ સમુદાય તરફ વહેતી કરી હતી અને આ મહોત્સવમાં સહભાગી હરકોઇ ભક્તજને અનેકાનેક અહોભાવ સાથે ભાવનાઓ અને ઊર્મિઓને હૃદયસ્થ કરી હતી. એક વિરલ સંતના જીવનની યશગાથાનું અવિરત સ્મરણ કરતા કરતા આ મહોત્સવનું સમાપન થયું હતું.

- શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી

***********************************

**ભુજ મંદિર દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન - ૨૦૧૮**

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપા તથા પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદન દાસજીના આશીર્વાદથી કચ્છ સત્સંગના શિરમોર કેન્દ્રસ્થાન એવા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા અક્ષરવાસી ચાર વરિષ્ઠ સંતોની સ્મૃતિમાં તા. ૨૭-૫-૧૮, રવિવારના ભુજ મંદિર પરિસરમાં 'મેડીકલ કેમ્પ ૨૦૧૮' યોજાયો હતો. જેમાં વિવિધ રોગોના ૧૫૨૦

દર્દી જ્યારે કેન્સર વિરોધી રસી ૧૩૦૦ બાળાઓને અપાઈ હતી. આ પ્રસંગે દર બે વર્ષે કેમ્પ યોજવા જાહેરાત કરાઈ હતી.

સ્ત્રીરોગ ૧૦૭, બાળરોગ ૯૭, હાડકાં ૩૮૭, આંખ ૪૫૩, ફિઝિશિયન ૩૧૪, સર્જન ૧૬૨ મળી કુલ ૧૫૨૦ દર્દીઓ વિવિધ ૫૩ તબીબો સુધી પહોંચ્યા હતા. તે પૈકી ૬૩૦ દર્દીઓને વધુ તપાસ માટે તારવાયા હતા. સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી કેમ્પ ચાલ્યો હતો. દવા-તપાસ તદન નિઃશુલ્ક અપાયા હતા. મંદિર દ્વારા મહત્ત્વાકાંક્ષી આરોગ્ય અભિયાન હેઠળ બાળાઓને ગર્ભાશયના કેન્સર વિરોધી રસી અપાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પ્રકારનું આયોજન કોઈ સંસ્થા દ્વારા હાથ ધરાયું હોય તેવી આ કચ્છમાં પ્રથમ ઘટના છે. ૧૩૦૦ બાળાઓને આ રસી સ્થળ ઉપર જ આપી દેવાઈ હતી. દર્દીઓને ભોજન પ્રસાદ મંદિર તરફથી અપાયો હતો.

અ.નિ. જ્યોતિષજ્ઞ સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વજીવનદાસજીની પુણ્યસ્મૃતિમાં યોજાયેલા કેમ્પના દીપ પ્રાગટ્યમાં રાજ્યમંત્રી વાસણભાઈ આહીર, સાંસદ વિનોદભાઈ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાજ પ્રમુખ હરિભાઈ હાલાઈ, એજ્યુકેશન મેડીકલ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, લેવા પટેલ હોસ્પિટલ વતી ટ્રસ્ટી જે.કે. દબાસીયા, ડો. મહાદેવ પટેલ, લોકસંપર્ક અધિકારી પ્રભવ અંતાણીની મંચ ઉપરથી નોંધ લેવાઈ હતી.

લક્ષ્મણભાઈ રાઘવાણી, કુંવરજીભાઈ દેવરાજ વેકરીયા સહિત વરિષ્ઠ હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી શુકદેવસ્વરૂપ દાસજીના માર્ગદર્શન હેઠળ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળે સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. વધુ તપાસ માટે બોલાવાયેલા દર્દીઓને લેવા પટેલ હોસ્પિટલમાં ક્રમશઃ નિદાન કરાશે.

ગર્ભાશયના કેન્સર વિરોધી રસીકરણને જાગૃત હરિભક્તોએ આવકાર્ય લેખાવ્યું હતું. સાંખ્યયોગી મહંત શામબાઈ ફઈ આદિ ત્યાગી બહેનોએ બાળાઓના ફોર્મ ભરાવવાથી લઈ કેમ્પ દરમ્યાન પ્રેરણા પૂરી પાડી હતી. ડો. જે. કે. દબાસિયાની પડદા પાછળની સેવાને ઉપસ્થિતોએ બિરદાવી હતી.

એક બાજુ કેમ્પ સમયસર શરૂ દેવાયો હતો. તો બીજી બાજુ ઉદ્‌ઘાટન સત્ર યોજાયું હતું. કેમ્પના મુખ્ય યજમાન દાતા અ.નિ. પ્રેમજી જેઠા ભુડીયા, અ.નિ. કાનજીભાઈ ભુડીયા, અ.નિ. કેશવલાલ ભુડીયા અને અ.નિ. અરવિંદભાઈ ભુડીયા પરિવારોના પ્રતિનિધિરૂપ અરજણભાઈ ભુડીયા, જમાઈ રમેશ વેકરીયા, મુકેશ હીરાણી, નારણ મેપાણી, જયંતી વરસાણી, કિશોર હાલાઈ, પરેશ ભુડીયા, મુરજી હાલાઈ, પરબતભાઈ પિંડોરીયા, નારણભાઈ હીરાણી ઉપસ્થિત રહી મંદિરવતી સન્માન સ્વીકાર્યું હતું. અને દીપ પ્રાગટ્યમાં પણ જોડાયા હતા.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ યજમાન હસમુખભાઈ ભુડીયા અને સુરજભાઈના કાર્યોને મુઠ્ઠી ઊંચેરા ગણાવ્યા હતા. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પણ યજમાન પરિવારને સેવાભાવી ગણાવી પૂર્વજોને સ્મર્યા હતા. વરિષ્ઠ સંત શ્રીહરિદાસજી સ્વામીએ આફ્રિકામાં પણ ભુડીયા પરિવારે મોટા કાર્યો કર્યાનો ઉલ્લેખ કરી નિરામય આરોગ્યના આશીર્વાદ આપ્યા હતા. કેમ્પની વ્યવસ્થા સહયોગી કચ્છી લેવા પટેલ સમાજ વતી અરજણભાઈ ભુડીયાએ મંદિર દ્વારા વર્ષ ૨૦૦૭ બળદિયા, ૨૦૧૦

નૂતન મંદિર મહોત્સવે ૮ કેમ્પ, ૨૦૧૫માં કે.કે. જેસાણી દ્વારા યોજાયેલા કેમ્પનો ઉલ્લેખ કર્યો હતો.

- ભરતભાઇ મહેતા

************************************

**ભુજ મંદિરના ૭ મંડળના સંતોની એક વર્ષ માટે સેવાની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી**

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ અને દેશ-વિદેશના સત્સંગ સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા સંવત્ ૨૦૭૪ જેઠ સુદ ૧૩ તા. ૨૬-૬-૧૮ મંગળવારના રોજ મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની અધ્યક્ષતામાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની ઉપસ્થિતિમાં સર્વે સંતોની બેઠકમાં નીચે મુજબના મંડળધારી સંતોને દેશવિદેશ અને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ-અલગ સેવા સોંપવામાં આવી છે. તે નીચે મુજબના સંતો સંભાળશે.

- **ભુજ : સ.ગુ. સ્વામી ભગવત્જીવનદાસજીના મંડળને** : શ્રી નરનારાયણઆદિદેવોની સેવા-પૂજા કરવી.
- આફ્રિકા ખંડમાં રહેતા ભક્તોને સત્સંગનો લાભ આપવા માટે આફ્રિકા દેશમાં સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી
- **માંડવી : સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજીના મંડળને** : માંડવી શ્રી વૃંદાવનવિહારી શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા અને માંડવી વિસ્તાર તથા ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા હરિભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.
- કોઠારી શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, કોઠારી શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી ફોન નં. +૯૧ ૯૮૭૯૫ ૩૦૮૯૯
- **અંજાર : સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળને** : અંજાર શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા તથા અંજાર વિસ્તારના સિનુગ્રા આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી તથા લંડન હેરો મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.
- કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, શા. સ્વામી હરિપ્રસાદદાસજી ફોન નં. +૯૧ ૯૮૭૯૫ ૨૨૪૯૫
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરનું સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી ધર્મચરણદાસજી
- **સુખપર દેશ : સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળને** : સુખપર દેશમાં આવતા ગામડાઓ - સુખપર, નરનારાયણનગર, મદનપુર, બળદીયા ઉ.વા., બળદીયા ની.વા. કુંદનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાપર(વાગડ)નું સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી
- **રામપર દેશ : સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળને** : રામપર દેશમાં આવતા ગામડાંઓ - મિરજાપર, સુરજપર, નારાણપર ઉ.વા., નારાણપર ની.વા., મેઘપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર ન.વા., રામપર જુ.વા., સામત્રા, વેકરા, વાડાસર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.
- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લા-મુંબઈનું સંચાલન કરવું. સંચાલક સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી
- શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી
- **અબડાસા દેશ : સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને** : અબડાસા દેશમાં આવતા ગામડાંઓ -

રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા સાથે ભારાસર, સુખપર-રોહા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા. વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા. યુ.કે.માં સત્સંગ વિચરણ.

- ભુજ પ્રસાદી મંદિરનું સંચાલન કરવું. કોઠારી સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી માધવપ્રિયદાસજી
- ફોન નં. (૦૨૮૩૨)૨૨૧૩૩૧
- શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવાનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી
- **વાગડ દેશ : સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના મંડળને :** વાગડ દેશમાં આવતા ગામડાંઓ - માધાપર, હરિપર, હીરાપર, ધાણેટી, દૂધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઈ, મનફરા, ચોબારી, આધોઈ, સરદારનગર, ચીરઈ, નવી ચીરઈ, નિંગાળ, ભીમાસર, રાપર, રત્નેશ્વર, ઉમીયા, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારાયણો ઉજવવી.
- ભારતદેશમાં જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામનું સંચાલક કરવું. પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી
- **શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર સંચાલક** : સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી તથા સ્વામી શ્રીજીપ્રિયદાસજી ફોન નં. (૦૨૮૩૨) ૨૨૭૩૩૧
- **શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજ સંચાલક** : પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી
- **શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, માંડવીના સંચાલક :** સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી
- **શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાહત સમિતિ :** શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી
- **નવનિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર, રાપર :** પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (કે.પી. સ્વામી)
- ફોન નં. ૯૮૨૫૪ ૩૨૮૭૭
- **નવનિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર :** સ્વામી ધર્મચરણદાસજી, પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજી, પુ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી આદિ સંતો
- **શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન ભાટ, ગાંધીનગર તથા શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન કાલુપુર, અમદાવાદ :** સંચાલન સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, ફોન નં. ૯૯૭૯૩ ૩૬૪૬૩, ફોન નં. ૮૨૩૮૦ ૦૮૬૬૬

**સંવત્ ૨૦૭૪ જેઠ સુદ ૧૩ તા. ૨૬-૬-૧૮ મંગળવાર ભુજ મંદિરની સ્થાનિક વિવિધ સેવામાં નવનિર્વાચિત સંતો**

- **મુખ્ય કોઠારી** શા. સ્વામી નારાયણમુનિદાસજી, પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી
- **ઉપકોઠારી :** શા. સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી પુર્ણપ્રકાશદાસજી, સ્વામી રામપ્રિયદાસજી
- **ભોજનાલય :** સ્વામી દિવ્યસ્વરૂપદાસજી
- **ભંડારી :** સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી
- **પાકશાળા - છાશ :** સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી હરિકેશવદાસજી, સ્વામી માધવચરણદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ્વામી રામાનુજદાસજી
- **લાઈટ સેવા :** સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી જગજીવનદાસજી

- **પાણી સેવા :** સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી
- **સહજાનંદ બાગ (લેરવાડી), નરનારાયણ બાગ (રેલડી) :** સ્વામી જગજીવનદાસજી, સ્વામી શાન્તિસ્વરૂપદાસજી
- **ઘનશ્યામ વાડી (રાવલવાડી) અને ફુલવાડી :** સ્વામી ઘનશ્યામસેવકદાસજી, શા. સ્વામી વિશ્વપ્રકાશ દાસજી
- **ફૂલહાર-બગીચાની સેવા :** સ્વામી જ્ઞાનસ્વરૂપ દાસજી
- **પુસ્તક પ્રકાશન તથા વેબસાઈટ :** શા. પાર્ષદ માવજી ભગત તથા સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી
- **યુવક મંડળ :** પુરાણી સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી
- **બાળ મંડળ :** શા. સ્વામી ભક્તવત્સલદાસજી, પુરાણી સ્વામી સંતસ્વરૂપદાસજી,
- **વોટ્સએપ :** શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

**********************************

**સ.ગુ. વિશ્વજીવનદાસજી સ્વામી સ્મૃતિ મહોત્સવ**

સરોવર તરૂવર સંતજન ચોથા વરસે મેહ ।
પરમારથને કારણે આ ચારે ધર્યા દેહ ॥

અગરબત્તી સ્વયં બળતાની સાથે અનેકને ખુશ કરી દે છે. આવું ધુપશળી જેવું સ.ગુ સ્વામી વિશ્વજીવનદાસજીનું જીવન હતું.

આ સંતએ એક વિરલ વિભૂતિ હતા. તે વ્યવહારની જરા જેટલી પણ ઉપાધિ ન કરતાં. ભજનાનંદી સંત હતા. આવા આ સંતનો જન્મ ભુજ તાલુકાના સુખપર ગામે વેકરીયા પરિવારમાં થયો હતો. તેઓને સત્સંગના સંસ્કારો અને પૂર્વના પુણ્ય પ્રતાપે આ અસાર સંસારમાંથી વૈરાગ્ય થયો ને ૧૮ વર્ષની ઉંમરે ભુજ શ્રી નરનારાયણદેવના શ્રીચરણોમાં જીવન સમર્પણ કરી દીધું. સંત દીક્ષા લઈ વિશ્વજીવનદાસજી સ્વામી નામ ધારણ કરી સેવામાં રહ્યાં. આ સંતનું જીવન ખૂબ દયાળુ અને સેવા પારાયણ હતું તેથી અનેક મંડળમાં રહી અનેક બદલી તથા ગામડાંઓમાં વિચરણ કરેલું.

ભુજમાં રામચંદ્ર ભગવાન, અક્ષરભુવન, સુખશૈય્યાની પણ ખૂબ સેવા કરેલી. તેમજ નવા વર્ષે અન્નકૂટના દિવસે ઠાકોરજીના થાળ માટે વિવિધ પ્રકારના શાક બનાવવા તથા મંગાવવા તથા તેની વ્યવસ્થીત ગોઠવણી કરવી એ એમની આગવી સૂઝ હતી. તેમજ કોઈ પણ સંતો પાસે પ્રસાદીની વસ્તુ હોય તો તેની મૂર્તિ મઢવી કે મંજુસા ભરાવીને પણ તેમની આગવી સૂઝ અને સેવા હતી. તે પ્રમાણે અનેક સંતોની ભક્તોની સેવા કરેલી. આવા અંતરમુખી અને ભજનાનંદી આ સંત હતા. સ્વામીને યુવાની અવસ્થામાં કાંઈક મોટી બીમારી થયેલી ત્યારે તેમની ઉપર મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીના આશીર્વાદે સારું થયેલું.

ભુજ શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવમાં ''મહામંત્રજાપ અભિયાન'' વખતે આ સ્વામીએ છ કિલો તલના મંત્રજાપ કરેલા. આટલા તલના જાપ કરવા માટે ખૂબ જ શ્રધ્ધા અને અપાર ધીરજ હોય તો જ આ શક્ય બને. આવી તો તેની ભજન ભક્તિની શ્રધ્ધા હતી. આવી સેવા ભક્તિથી મહંત સ્વામી આદિ સર્વે સંતોનો ખૂબ રાજીપો અને અંતરના આશીર્વાદ મેળવેલા. તેના ૧ શિષ્ય સ્વામી ભગવતપ્રસાદદાસજીએ પણ આ વડીલ ગુરુ સ્વામીની ખૂબ સેવા કરી અંતરનો રાજીપો મેળવેલો.

આવા સંતની પુણ્યસ્મૃતિમાં તેમના પૂર્વશ્રમના ભાઈઓ, સગાંસંબંધીઓ સાથે મળી ભુજ પ્રસાદી મંદિરે સ.ગુ. નિષ્કુળાનંદમુનિ વિરચીત ''શ્રી પુરુષોત્તમપ્રકાશ'' ગ્રંથની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલું. તા. ૬-૯-૧૮ના મંગલ મૂહુર્તમાં શુભ પ્રારંભ થયો. વક્તા પુરાણી સ્વામી રામાનુજદાસજી, પુરાણી સ્વામી સર્વમંગલદાસજી તથા પુરાણી સ્વામી આનંદમુનિદાસજી વ્યાસપીઠ ઉપર વિરાજમાન થઈ મધુર શૈલીમાં પાવન

કથામૃતનો લાભ આપ્યો હતો. પ્રથમ દિવસે જન્મોત્સવ, બીજા દિવસે રાજોપચાર જેવા ઉત્સવોથી દરરોજ સાંજે ભવ્ય ઉત્સવો થતાં. આ પ્રસંગ દરમ્યાન દરરોજ ગાયોને ચારો, પક્ષીને ચણ, કીડીને કીડીયારૂં તથા કુતરાને રોટલા આપવામાં આવતા. દીકરીઓ-નિહાણીઓને પણ પસલી આપેલી. આ પ્રસંગોમાં વડીલ સંતોના આશીર્વાદ તથા તેમાં સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી ખાસ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. દરરોજ મોટી સંખ્યામાં કથાભિલાષી ભક્તો કથામૃત તથા ભોજન પ્રસાદનો બન્ને ટાઈમ ખૂબ લાભ લેતા. આ ઉત્સવમાં રસોડા તથા ભોજન પ્રસાદની વ્યવસ્થા મંદિરના સમર્પિત સેવક કાનજી હરજી પિંડોરીયા (કાનજીબાપા)એ સંભાળી હતી.

આ ઐતિહાસિક પ્રસંગને યાદગાર બનાવાવ માટે યજમાન પરિવાર તરફથી સ્વજનોની સ્મૃતિમાં છ સંહિતા પારાયણનું પણ આયોજન કરેલું. તેમાં સંપૂર્ણ સત્સંગી જીવન તથા સંપૂર્ણ ભાગવત તથા વાસુદેવ મહાત્મ્ય તથા જનમંગલપાઠ પુરુશ્ચરણનું આયોજન કરેલું. તેમાં મોટાભાઈ કાનજીભાઈ સામજી વેકરીયાનું જીવતે જગતીયું તથા સંહિતાપારાયણ હતી. તદ્દુપરાંત અન્ય નવ સંહિતા પણ ગોઠવવામાં આવી હતી.

આ સમગ્ર આયોજનના ભાગ્યશાળી યજમાનોમાં પ.ભ. લાલજીભાઈ દેવરાજ વેકરીયા ધ.પ. જશુબેન, સુપુત્ર મનસુખ, સુપુત્રી હંશા તથા પ.ભ. ખીમજીભાઈ કાનજી વેકરીયા ધ.પ. જશુબેન, સુપુત્ર નીતિન તથા ઘનશ્યામ, સુપુત્રી રેખા તથા કેશરાભાઈ પ્રેમજી વેકરીયા ધ.પ. હંસાબેન, સુપુત્ર પ્રવિણ, સુપુત્રી નીતા તથા અ.નિ. કરસનભાઈ પ્રેમજી વેકરીયા ધ.પ. ગં.સ્વ. હંસાબેન, સુપુત્ર હિતેશ, પુત્રી શિલ્પા અને પ્રિયા તથા ગોવિંદભાઈ પ્રેમજી વેકરીયા ધ.પ. હંસાબેન, સુપુત્ર ચિરાગ, સુપુત્રી અંકિતા અને ક્રિષ્ના વિગેરે સમગ્ર વેકરીયા પરિવાર(સુખપર-મદનપુર) સાથે મળી આ ઉત્સવ ખૂબ ભવ્યરીતે ઉજવેલો. સમાપ્તિના દિવસે સ.ગુ. પુરાણી મહંત સ્વામી બાલકૃષ્ણદાસજીએ પહેરામણી કરીને સર્વેને આશીર્વાદ આપ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન કોઠારી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કરેલું. વ્યવસ્થા ગોઠવણી કોઠારી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ કરેલી. આ સમગ્ર મહોત્સવને શોભાવ્યો તે બદલ સમગ્ર વેકરીયા પરિવારે મંદિરનો આભાર વ્યક્ત કર્યો હતો.

- ગોવિંદભાઈ પ્રેમજી વેકરીયા, મદનપુર

*************************************

**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા ઘાસચારાનું વિતરણ**

જીવદયાને લગતા સેવાનાં સદ્કાર્યો શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજની પ્રવૃત્તિઓમાં વણી લેવાયા છે. પછી ભલે તે માનવસેવાર્થે યોજાતા તબીબી શિબિરો(મેડીકલ કેમ્પ) હોય છે કે અબોલ મૂંગા પશુઓ (ગૌવંશ) માટે ઘાસચારાનું વિતરણ હોય. ભુજ મંદિર આવા ઉત્તમ કાર્યોમાં સદાય અગ્રેસર છે અને અન્ય સંસ્થાઓ માટે પ્રેરણારૂપ છે.

કચ્છ જિલ્લામાં દુષ્કાળના સમયમાં કે ઓછા વરસાદના સમયમાં ઘાસચારાની તીવ્ર તંગી અનુભવાતી હોય છે. આવા કપરા સમયમાં ગાયો માટે ઘાસચારાની વ્યવસ્થા કરવાનું કાર્ય કઠિન હોય છે. જ્યારે જ્યારે આવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે ત્યારે શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા કોઈ પણ જાતના જ્ઞાતિ-ધર્મના ભેદભાવ વગર ઘાસચારાનું વિતરણ કરવામાં આવે છે.

આ વર્ષે પણ પ્રાતઃસ્મરણીય શ્રધ્ધેય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી સ.ગુ. સ્વામી જગજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ પરંપરાગત રીતે ઘાસચારા વિતરણ પ્રવૃત્તિ ભુજ મંદિરમાં ચાલુ છે. વહેલી સવારથી બપોર સુધી આ કામગીરી સતત ચાલુ રહે છે અને સમગ્ર કચ્છ જિલ્લાના ખૂણે-ખૂણાના ગામો સહિત લગભગ એક સો જેટલા ગામના પશુપાલકો-

માલધારીઓએ ઘાસચારા વિતરણનો લાભ લીધો છે.

જૂન, ૨૦૧૮માં આ વિતરણ શરૂ થતાં ત્રીજા સપ્તાહ સુધીમાં મોટી ગાંઠડીઓ દ્વારા ૭૫,૦૦૦ કિલો, નાની ગાંઠડીઓ દ્વારા ૧,૨૦,૦૦૦ કિલો તથા ૪,૮૦,૦૦૦ કિલો લીલાચારાનું વિતરણ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા કરવામાં આવેલ છે. ઉપરાંત ગામડાઓની ગૌશાળાઓ તથા પાંજળાપોળોને પણ ઘાસચારો મંદિર દ્વારા અપાય છે. કથા પારાયણો અને હરિભક્તો દ્વારા ગૌ માતા માટે ઘાસચારાની જે આવક થાય છે તેમાંથી આ ઘાસાચારના વિતરણનું આયોજન મંદિર દ્વારા કરવામાં આવે છે.

**********************************

**પંચાહ્ન પારાયણ : પ્રસાદી મંદિર, ભુજ**

સાક્ષાત્ ભગવાન સ્વયં શ્રી નરનારાયણદેવરૂપે વિરાજીને જે ભૂમીને પાવ કરેલી છે તથા કચ્છ સત્સંગની 'મા' સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી જેવા અનેક સંતોએ જ્યાં બેસીને કચ્છ સત્સંગ સમાજ સુખી થાય તે માટે ધ્યાનમૂર્તિ શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરેલી. એવા પ્રસાદી મંદિરે તા. ૩૧-૫-૨૦૧૮ થી તા. ૪-૬-૨૦૧૮ સુધી પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

અ.નિ. પ.ભ. પિતાશ્રી જાદવાભાઈ સામજી વરસાણી(રતીયાવાળા) તથા માતુશ્રી રામબાઈ જાદવાની પુણ્યસ્મૃતિમાં શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન કરેલું. અધિક જેઠ બીજ, ગુરુવાર તા. ૩૧-૫ના તેનો શુભ પ્રારંભ થયો. તેના વક્તાપદે પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસાસને વિરાજી સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું. તેમજ સાથે સાથે અ.નિ. કાકા કરસનભાઈ સામજી વરસાણી, કાકી રતનબાઈ સામજી તથા કુમારી દક્ષા રવજી જાદવા તથા કુમારી નિશા રવજીભાઈ એમ અ.નિ. પુણ્યાત્માઓની સ્મૃતિમાં ૨ સંહિતા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉત્સવ અંતર્ગત જન્મોત્સવ, રાસોત્સવ, ઠાકરથાળી ઉત્સવ, જેવા અનેક આયોજનો કરવામાં આવ્યા હતાં. જન્મોત્સવમાં ઠાકોરજીને એક સુવર્ણ દાગીનાની ચેન અર્પણ કરેલી તથા જાદવાબાપાની જ દીકરીઓને આ ઉત્સવની સ્મૃતિરૂપે ચેન અર્પણ કરેલી. તેમજ બીજા સગા સંબંધીઓને પણ યથાયોગ્ય પ્રમાણે મોટા પ્રમાણમાં પહેરામણી આપેલી.

અ.નિ જાદવાભાઈ સામજીના પુત્ર પરિવારમાં દેવજીભાઈ જાદવા ધ.પ. જશુબેન પરિવાર, પ્રેમજીભાઈ જાદવા ધ.પ. કાનબાઈ પરિવાર, રવજીભાઈ જાદવા ધ.પ. પુરબાઈ પરિવાર, કેશરાભાઈ જાદવા ધ.પ. મંજુબેન પરિવાર, મનજીભાઈ જાદવા ધ.પ. હિરબાઈ પરિવાર, આમ આ પાંચે ભાઈઓનો સમગ્ર પરિવાર દાદા-દાદીનાં ઉત્સવમાં હાજર હતો.

પાંચમા દિવસે તા. ૪ના ૧ કુંડીય નારાયણ યજ્ઞ કરેલો. સવારે ૫ વાગ્યાથી આ સમગ્ર પરિવાર યજ્ઞ માટે પણ હાજર હતો. મુખ્ય પાંચ ભાઈઓ અને ભુદેવો મળી વિષ્ણુ સહસ્રનામ સર્વમંગલ સ્તોત્ર વિગેરેના મંત્રોથી આહુતિઓ આપી, મહંત સ્વામી આદિ વડીલ સંતોના હાથે યજ્ઞ સમાપ્તિનું શ્રીફળ હોમી યજ્ઞ પૂર્ણ કરેલો.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન કોઠારી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કરેલું. જ્યારે વ્યવસ્થામાં શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીની સેવા મળી હતી.

-સ્વામી સર્વમંગલદાસજી

**********************************

**અધિકમાસની ઉજવણી : ભુજ મંદિર**

સનાતન હિન્દુ ધર્મના સંપ્રદાયોમાં પુરુષોત્તમમાસ (અધિકમાસ)નું વિશેષ મહત્ત્વ છે. જ્ઞાન-દાન-સ્નાન આ માસમાં જ્ઞાન દ્વારા આત્માની શુધ્ધિ, દાન

દ્વારા આત્માને શાંતિ અને સ્નાન દ્વારા દેહશુધ્ધિ દ્વારા પાવનકારી સત્કાર્યો અને સદ્‌ગતિ તરફ દોરી જતી સમર્પિત ભક્તિ દ્વારા શ્રીહરિની પ્રસન્નતાર્થે હરિભક્તો આનંદ, ઉમંગ અને ઉત્સાહપૂર્વક અધિકમાસમાં ધાર્મિકકાર્યો કરતા રહે છે. ત્રણ વર્ષના સમયાંતરે આવતા આ માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા પણ વર્ષ દરમ્યાન આવતા વિશેષ ધાર્મિક તહેવારો આને પ્રસંગો જેવા કે વસંતપંચમી, ગોકુળઆઠમ (જન્માષ્ટમી), શ્રીહરિજયંતી, રામનવમી, એકાદશી, અન્નકૂટોત્સવ, વનવિચરણ આદિ તહેવારોની ધામધૂમથી ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. દરરોજ વિવિધ પ્રસંગાનુસાર અવનવા દર્શનનો લાભ લઈ હરિભક્તોએ ધન્યતા અનુભવતી હતી. મહામંત્રની ધૂન, કથા-વાર્તા શ્રવણ, સંતોનાં આશીર્વાદસહનું સાંનિધ્ય અને સત્સંગ સભાઓમાં હરિભક્તો શ્રધ્ધા સાથે ઉપસ્થિત રહી પુણ્ય કમાયા હતા. બહેનોનાં મંદિરમાં પણ સાં.યો. મહંત પ.પૂ. સામબાઈ ફઈના સાંનિધ્યમાં પણ દરરોજ શ્રીકૃષ્ણ બાળસ્વરૂપ ‘લાલા’નો પંચામૃતથી અભિષેક, સત્સંગ જ્ઞાન સભા, રાસોત્સવ જેવા કાર્યક્રમો અને આરતીનો સાં.યો. તથા ગૃહસ્થ બહેનોએ આખો માસ લાભ લીધો હતો.

**********************************

### અધિકમાસ ઉજવણી

શ્રીજી મહારાજને માનકુવા અતિ પ્રિય હતું. જ્યારે પણ શ્રીજી મહારાજ કચ્છ-ભુજ પધારતા ત્યારે માનકુવાની અવશ્ય મુલાકત લેતા. એકવાર તેઓ ઠેકડીયે પધારેલા ત્યારે હરિભક્તો સાથે હસી મજાક રમૂજ કરી હતી. સંતો હરિભક્તો સાથે માનવ સહજ લીલા કરી હતી. મહારાજે કહ્યું કે કોનો ઠેકડો દૂર સુધી જાય છે. મહારાજ સાથે ભગુજી પણ પધારેલ હતા. અત્યારે એ ઠેકડીયાનો સંતોની પ્રેરણાથી હરિભક્તોએ સારો વિકાસ કરેલ છે. આ ઠેકડીયે તા. તા. ૧૩-૬-૧૮ના અધિકમાસના અંતિમદિને (અમાસ) ઉજવણી કરેલ હતી. ભુજ મંદિરેથી સંતો સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી વડીલ સાંત સ્વામી જગતપાવનદાસજી, સાં.યો. બહેનો પધારેલ હતા. સંતોએ આ જગ્યાનું મહત્ત્વ સમજાવેલ. અંતમાં સ્વામિનારાયણ નામની ધૂન કરવામાં આવી હતી. પ્રસાદના યજમાન પ.ભ. રામજીભાઈ ગોપાલ દબાસીયા રહ્યા હતા.

- જોધાણી રમીલા દેવજી

**********************************

### પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ : માધાપર

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપા તથા મોટા સંત પુરુષોમાં ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતવૃંદ તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપર-નવાવાસ બંને મંદિરમાં અધિક પુરુષોત્તમ માસમાં જેઠ વદ ૯ તા. ૮-૬-૨૦૧૮ શુક્રવારથી અધિક જેઠ વદ ૧૩-૧૪ તા. ૧૨-૬-૨૦૧૮ મંગળવાર સુધી શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન ગામ માધાપરના સાં.યો. દેવબાઈ ગોવિંદ ગોરસીયા સહપરિવાર તરફથી કરવામાં આવેલ. પંચાહ્ન પારાયણમાં સવારના સત્રમાં શ્રીનિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રીહરિસ્મૃતિની કથાના વક્તાપદે પ્રસાદી મંદિરથી પધારેલ પુરાણી સ્વામી દેવવિહારીદાસજી તથા બપોરપછીના સત્રમાં શ્રી પ્રેમાનંદ સ્વામી રચિત ચાર ઓરડાના પદની કથાના વક્તાપદે કોડાય ગુરુકુલના શા. સ્વામી કૃષ્ણજીવનદાસજીએ સુંદર અને સરળ અને સાદી ભાષામાં દષ્ટાંતોની સાથે ભગવાન શ્રીહરિના દિવ્ય મંગળ લીલા ચરિત્ર, ભગવાનનો મહિમા, મૂર્તિનો મહિમા વગેરે ભાવપૂર્ણ વર્ણન કરી ભક્તોને રસપાનથી તરબોળ કરી અમૃતરસ પાઈ રાજી કર્યા હતા.

કથા પારાયણમાં રાપર પ્રદેશમાં જે ભક્તોને કથાવાર્તા કરી રાજી કરે છે એવા મંડળધારી સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી તથા કથા પારાયણમાં જેમણે સભાસંચાલન તરીકે ફરજ બજાવી સફળ સંચાલન કરેલ છે એવા પુ. સ્વામી કેશવપ્રિયદાસજી તથા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા સ્વામી દિવ્યમુનિદાસજી તથા પુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી(કોડાયવાળા) આદિ સંત મંડળના સાથ સહકારથી સારી રીતે મહોત્સવનું આયોજન સફળ થયેલ છે.

કથાના પ્રથમ દિવસે ભુજ મંદિરથી સ.ગુ. પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતવૃંદ તથા પ્રસાદી મંદિરેથી સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતવૃંદ તથા ગાંધીધામ ગુરુકુલથી પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી આદિ સંતમંડળ બહેનોના મંદિરના સાં.યો. દેવબાઈ ગોવિંદ ગોરસીયા પરિવારના આમંત્રણને માન આપી દર્શન આપી રૂડા આશીર્વાદ આપી સાં.યો. બહેનોની પ્રશંસા કરેલ તથા સમગ્ર કચ્છપ્રાંતના સાં.યો. બાઈઓના ગુરુસ્થાને એવાં મહંત સામબાઈફઈ તથા ચોવીસીમાંથી સમગ્ર સાં.યો. બહેનો પધારેલ અને સૌ સાથે રહી ખુબ જ ભાવથી સૌનું સન્માનવિધિ કરવામાં આવેલ. ગોરસીયા પરિવારે સંતોને ધોતીયાં, હાર, ભેટ વગેરે અર્પણ કરેલ હતી.

કથાના પહેલા દિવસે રાત્રે કથાના યજમાન સાં.યો. દેવબાઈ ફઈના મામા હરીશભાઈ ભુડીયાના ઘરે ઠાકોરજીની પધરામણી બેન્ડપાર્ટી, મંડળી સહિત કરવામાં આવી હતી. બીજા દિવસે પહેલા સત્રબાદ સવારના સંતો, યજમાન ગોવિંદભાઈ ગોરસીયાના ઘરે સંતો પગલાં કરવા પધાર્યા હતા. ત્યાંથી સંતો ગામની પટેલ જ્ઞાતીની પટેલ વાડીમાં ઠાકોરજીને થાળ જમાડવા માટે લઈ આવ્યા હતા. તે દિવસે રાત્રે સાં.યો. દેવબાઈ ગોવિંદ તરફથી ભવ્ય રાસોત્સવનું આયોજન બંને મંદિરમાં રાખવામાં આવેલ. સૌ યુવાનો પ્રેમથી નાચ, ગાન સાથે ભાવવિભોર બની રાસ રમ્યા હતા. ગાયકમાં પ્રસાદી મંદિરેથી વિદ્યાર્થી સંતો તથા સ્વામી વ્રજવિહારીદાસજીએ સુંદર મધુર આલાપે કીર્તનો ગાઈ ભક્તોને ભગવાન સાથે રાસ રમાડી રાજી કર્યા હતા.

ત્રીજા દિવસે સવારના ભાગના સત્રબાદ ભાઈઓના મંદિરમાંથી કથાના યજમાન સાં.યો. દેવબાઈના માવિત્રો સગાં સ્નેહી તરફથી તથા સર્વે હરિભક્ત ભાઈઓ-બહેનો તરફથી મળેલ ભેટ એમ બંને અલગ અલગ છાબમાં ભરી મોસાળારૂપે બહેનોના મંદિરમાં બેન્ડપાર્ટીના નાદ સાથે ધામધૂમથી લઈ જઈ ત્યાં સર્વે સાથે બેસી મળેલ ભેટની નામાવલિ વાંચી સંભળાવવામાં આવેલ. સાં.યો. દેવબાઈના મામા ભુડીયા પરિવારે સારો એવો દેવબાઈને સાથ સહકાર આપેલ. મળેલ દાનની રકમ સાંભળી સૌએ તાળીઓના નાદે વધાવી લેવામાં આવેલ. બીજા સત્રબાદ સૌ હરિભક્તો જેને સાં.યો. દેવબાઈના મહોત્સવમાં મોસાળામાં આપેલ ભેટ તથા એમના ગોરસીયા આદિ પરિવાર સગાંસ્નેહીઓને સાં.યો. દેવબાઈ તરફથી સંતોના વરદ્ હસ્તે પહેરામણી આપવામાં આવેલ.

કથાના ચોથા દિવસે સવારના સત્રમાં મંદિરેથી ઠાકોરજીની શોભાયાત્રાનું આયોજન ૨૪ ગામની મંડળી, ગામની મંડળી, બેન્ડપાર્ટી, લેઝીમ વગેરે સાથે બે શણગારેલ વાહનમાં અલગ અલગ સ્વરૂપે ભગવાનની મૂર્તિ પધરાવી ગામના મુખ્ય માર્ગે સૌને દર્શન આપી મંદિર પધાર્યા હતા. ત્યાં કથાવાર્તા બાદ મહેમાનોનું સ્વાગત, આશીર્વાદ તથા મુખ્ય યજમાનને સંતોના વરદ્હસ્તે પહેરામણી ભુજ તથા માધાપર મંદિર તરફથી આપવામાં

આવેલ. રાત્રે ભજન સંધ્યાનો કાર્યક્રમ સંતોના મારફત ભજન, કીર્તન ગાઈ હાસ્ય વિનોદ સાથે સૌ યુવાવર્ગને આનંદિત કરેલ હતા. તેમાં મુખ્ય સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા તબલાવાદક, બેન્ઝાવાદક સાથે ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. છેલ્લે સમાપ્તિના દિવસે છાબ આવી ગયા બાદ સંતોના આશીર્વાદ તથા ઉત્થાપન વિધિ તથા આભારવિધિ કરી કથા પારાયણની આરતી સંતો, યજમાનો, ભક્તો સાથે મળી ઉતારી અને તે પહેલાં બંને વક્તાનું તથા વાજિંત્રવાળા સૌ ભક્તોનું સન્માન સાથે ભેટ અર્પણ કરેલ હતી. અને કીર્તનની ધૂનની સાથે ધામધૂમથી મહોત્સવ પારાયણની સમાપ્તિ થયેલ. આ મહોત્સવ પ્રસંગે બે ટાઈમ એક દિવસ પટેલ જ્ઞાતિને ભોજનપ્રસાદ આપવામાં આવેલ. પાંચે દિવસ ગાયોને ચારો પણ આપવામાં આવેલ હતો.

– મંત્રી અરજણભાઈ ભુડીયા

***********************************

**શ્રી સહજાનંદ ગુરુકુળ સંચાલિત**
**શ્રી પુરુષોત્તમ વિદ્યાલય માનકુવાનું બોર્ડની પરીક્ષાનું ઝળહળતું પરિણામ**

શ્રી સહજાનંદ ગુરુકુળ સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલય માનુકવાના ધોરણ ૧૦/૧૨ ના વિદ્યાર્થીઓ દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રેષ્ઠ પરિણામ જાળવવામાં સફળ રહ્યા હતા.

ચાલુ વર્ષે લેવાયેલ ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષામાં આ શાળાના ૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલી હતી. તે પૈકી ૯૪ વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ દેખાવ કરી ઉત્તીર્ણ થયેલ છે. એટલે કે આ શાળાનું ધોરણ ૧૦ નું પરિણામ ૯૬% ટકા રહ્યું હતું. આ શાળામાંથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પૈકી ૮૮ વિદ્યાર્થીઓ ૫૦% ટકા કરતાં વધુ ગુણ પ્રાપ્ત કરી સુંદર દેખાવ કર્યો હતો. ધોરણ ૧૦ નો વિદ્યાર્થી બતા સુનિલ વાલજીભાઈ ૯૮.૩૧ P. R. સાથે પ્રથમ રહ્યો હતો.

ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં પણ આ શાળાના વિદ્યાર્થીઓએ ઝળહળતી સિદ્ધી પ્રાપ્ત કરી હતી. ધોરણ ના ૩૮ વિદ્યાર્થીઓ પૈકી ૩૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં બોર્ડની પરીક્ષાનું પરિણામ ૯૭.૩૭% જેટલું રહ્યું. આ શાળાના ૩૭ વિદ્યાર્થીઓ પૈકી ૩૨ વિદ્યાર્થીઓએ ૫૦% ટકા ઉપરાંત ગુણ પ્રાપ્ત કરી ઉત્તમ પરિણામ મેળવ્યું હતું. આ શાળાનો વિદ્યાર્થી ટોયટા સાગર હીરાભાઈ ૯૬.૪૫ P. R. સાથે સમગ્ર શાળામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

| **ધોરણ - ૧૦** | **ધોરણ - ૧૨** |
|---|---|
| A.2 - 01 | 00 |
| B.1 - 11 | 05 |
| B.2 - 35 | 10 |
| C.1 - 41 | 17 |
| C.2 - 06 | 03 |
| D. 00 | 02 |
| Total - 94 | 37 |

ધોરણ ૧૦ /૧૨ ના વિદ્યાર્થીઓના શ્રેષ્ઠોત્તમ પરિણામ બદલ સંસ્થાના વડીલ મંડળધારી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, પ્રમુખશ્રી શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી સંચાલક શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી રાધારમણદાસજી,સ્વામી નારાયણપ્રિયદાસજી તેમજ મંડળના અન્ય સંતો તેમજ ટ્રસ્ટીશ્રીઓએ વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ પરિણામ બદલ શિક્ષકોની મહેનતને બિરદાવી હતી. અને ઉતરોત્તર શ્રેષ્ઠ પરિણામ મળે તેવી શુભ ભાવના વ્યક્ત કરી હતી.

ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને માનકુવાના સી.એ. શ્રી જગદીશભાઈ હિરાણીએ કારકિર્દીમાં કઈ રીતે આગળ વધુવું જોઈએ તેનું માર્ગ દર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરેશભાઈ પટેલ તથા શ્રી વિપુલભાઈ રાવલે કર્યું હતું.

- સંચાલક શા. સ્વામી ગોલોકવિહારીદાસજી

***********************************

**મંગલ વાસ્તુપૂજન**

શ્રી સહજાનંદ ગુરુકુળ સંચાલિત S.S.G.M. SCHOOL Eng-Med (C.B.S.E.) નું મંગલ વાસ્તુ પૂજન મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત ભુજ મંદિરેથી પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતો અને ગુરુકુળના વડીલ સંતો સાથે રહી ૮.૩૦ વાગે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. મંગલ વાસ્તા પ્રસંગે શ્રીજી મહારાજની અમૃતવાણીનો લાભ શા.સ્વામી નારાયણપ્રિયદાસજીએ કથાવાંચન દ્વારા હરિભક્તોને આપ્યો. ત્યાર પછી તીર્થધામ ભુજથી પધારેલ વિદ્વાન સંતોના મંગલ ઉદ્‌બોધનમાં સંસ્થા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિ, પ્રગતિ અને અંગ્રેજી માધ્યમના બાળકો માટે તૈયાર થયેલ નવા સંકુલની મુક્ત મને વાતો કરી બાળકો અને શિક્ષકોને બિરદાવ્યા હતા. પૂ. પાર્ષદ જાદવજી ભગતજીએ પણ નવા સંકુલને આજના વિદ્યાર્થીઓને અભ્યાસમાં અતિ ઉપયોગી બતાવ્યું હતું. તેમજ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ નવા સંકુલને અદ્યતન સગવડ સભર અને આધુનિક યુગને અનુરૂપને વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ સાધાય ને એમના જીવનમાં ભારતીય સંસ્કાર ને સંસ્કૃતિનો વારસો સંક્રાન્ત થાય એમ પોતાના ઉદ્‌બોધન ને આશીર્વાદમાં પ્રશંસા વ્યક્ત કરી હતી.

મંગલ વાસ્તુ પૂજનના યજમાનશ્રીઓનું ભુજથી પધારેલ વડીલ સ૧ાંતો દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગને શોભાવવા પધારેલ સૌ ભાવિક હરિભક્તોને શ્રી ઠાકોરજીનો ભોજનરૂપ મહાપ્રસાદ પીરસવામાં આવ્યો.

પૂ. મહંત સ્વામી સાથે વડીલ સંતો અને યજમાનશ્રીના વરદ હસ્તે નવા સંકુલના દ્વાર ખુલ્લા મુકવામાં આવ્યા. વિદ્યાના નવા સંકુલમાં પૂજ્ય સંતોએ શ્રી ઠાકોરજીનો બપોરનો મહાપ્રસાદ સ્વીકારી ભૂમિને પવિત્રતા બક્ષી.

એજ દિવસે રાત્રે ખાસ યુવાનો માટેનું આયોજન રાખેલ તેમાં પણ મોટી સંખ્યામાં યુવાનો હોંશથી પધાર્યા હતા. સ્વામી શ્રીરંગદાસજીએ પરિવારને એક યુથ બની રહેવાની જુસ્સાદાર વાણીમાં ભલામણો કરી હતી. ત્યાર પછી પાર્ષદ ખીમજી ભગતે પોતાના પ્રેજન્ટેશન દ્વારા આજના અભ્યાસ યુગને અનુરૂપ વાતો કરી મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શા. સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું.

- સંચાલક શા. સ્વામી ગોલોકવિહારી દાસજી

*************************************

**શાળાનો મંગલ પ્રવેશોત્સવ**

વર્ષ ૨૦૧૮/૧૯ અભ્યાસના નવલા વર્ષમાં પ્રવેશ મેળવીને શ્રી સહજાનંદ ગુરુકુળ સંચાલિત શ્રીપુરુષોત્તમ વિદ્યાલયમાં નવા પધારેલા વિદ્યાર્થીઓનું ને નવા પધારેલા શિક્ષકોનું તેમજ આચાર્યશ્રી ચિંતનભાઇ આર્યનનું પુષ્પ ગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે પધારેલ સંતોનું, ટ્રસ્ટી મંડળ, મહેમાનોનું પુષ્પ ગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું હતુ.

સૌ વિદ્યાર્થીઓને અભ્યાસમાં નવું બળ મળી રહે તેવા પ્રેરણાદાયક ઉદ્‌બોધનો કરવામાં આવ્યા. પૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના જાત અનુભવોની વાતો કરી બાળકોને હિંમત આપી, અને જણાવ્યું કે થોડા દિવસોમાં તમને મજા આવસે, આ સંકુલ તો અમારી પ્રગતિનું પ્રથમ સોપાન છે. અમારા સંસ્કારની ને સંકૃતિની પ્રથમ જનની છે. આમ બળભરી વાતો કરી બાળકોને બળ પૂરું પાડ્યુ હતું.

સંસ્થાના સંચાલક શા. ગોલોકવિહારીદાસજીએ બાળકોને આવકાર આપી નિર્ભય બની રહેવાની હૂંફ આપી અને હસીખુશીની વાતો કરી હતી. ભુજથી પધારેલ પાર્ષદ ખીમજી ભગતે પણ બાળકોને આનંદદાયક વાતો દ્વારા નિર્ભિક રહેવાની ભલામણ કરી. કાર્યક્રમના અંતે બધા જ વિદ્યાર્થીઓને મીઠુ મોઢું કરાવવામાં આવ્યું હતુ.

- ધો. ૧૨ વિ. પરેશ અને ધો. ૧૧ વિ. રાઘવાણી અર્જુન

************************************

**વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ત્રિદિવસીય પારાયણ : માધાપર**

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતવૃંદ તથા માવિત્રોના રૂડા આશીર્વાદથી માધાપર બંને મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા ત્રિદિવસીય પારાયણના યજમાન પ.ભ. નારણભાઈ મુરજી પિંડોરીયા ધ.પ. કાન્તાબેન, સુપુત્ર હિતેશ તથા કરસન આદિ સહપરિવાર તરફથી તા. ૧૩-૬-૨૦૧૮ને બુધવારતી તા. ૧૫-૬-૨૦૧૮ને શુક્રવાર સુધી ઈષ્ટદેવ બાલ ઘનશ્યામ મહારાજના બાલચરિત્રની કથાનું રસપાન કરાવનાર વક્તા સ્વામી શ્રીજીપ્રકાશદાસજી તથા પુ. સ્વામી કેશવપ્રિયદાસજીએ ખૂબ ભાવપૂર્વક ભક્તોને અમૃતપાન કરાવી રાજી કર્યા હતા. તે ઉપરાંત મંડળના મંડળધારી સ.ગુ. પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી તથા પુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (મોટા) તથા પુ. સ્વામી દિવ્યમુનિદાસજી આદિ સંતવૃંદના સાથ સહકારથી કથા પારાયણના મંગલ પ્રસંગો સારી રીતે પૂર્ણ થયેલ હતા.

કથાના પહેલા દિવસે યજમાન પરિવાર તરફથી પાટોત્સવ નિમિત્તે બંને મંદિરમાં ભવ્ય રાસોત્સવનું આયોજન ગાયક સ્વામી વ્રજવિહારીદાસજીની કીર્તન રમઝટથી યુવાવર્ગમાં ભારે ઉત્સાહ જણાતો હતો. કથાના બીજા દિવસે સવારના સત્રબાદ સૌ સંતો યજમાન પરિવારના દરેક ભાઈઓના ઘરે પગલાં કરવાં પધાર્યા હતા. તથા તે દિવસે રાત્રીના સત્સંગ સભાનું આયોજન પણ યજમાન પરિવાર તરફથી સ્વામી વ્રજવિહારીદાસજી તથા સાથી સંતવૃંદની અમૃતવાણીનો લાભ મળ્યો હતો. આ આયોજનમાં સૌ બહેનો-ભાઈઓ નાના-મોટા ભક્તોએ લાભ લીધો હતો.

કથાના અંતિમ દિવસે પાટોત્સવ નિમિત્તે સવારના શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક વિધિપૂર્વક સંતોના વરદ્હસ્તે મંત્રોચ્ચાર સાથે કરવામાં આવેલ. યજમાન પરિવારના સભ્યો તથા ટ્રસ્ટીમંડળના સભ્યોએ પણ અભિષેકમાં લાભ લીધો હતો. ત્યારબાદ ૭:૩૦ વાગે સહુ સંતો તથા સર્વે હરિભક્તો બહેનોના મંદિરમાં વાર્ષિક પાટોત્સવ તથા અન્નકૂટની આરતી ઉતારવા માટે ગયેલ હતા. તે દિવસે ભુજથી પધારેલ મંડળના વડીલ સંતોમાં સ.ગુ. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ.ગુ. પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિ સંતવૃંદ પણ સાથે રહી મંત્રોચ્ચારથથી સ્તુતિ, પ્રાર્થના સાથે પુષ્પાંજલિ અર્પણ કરી વિધિ પૂર્ણ કરી હતી. ત્યારબાદ પારાયણની આરતી કરી કથા પ્રસંગ ચાલુ કરેલ, નવ વાગે છાબ આવી. કથા વિરામ થઈ સંતોના આશીર્વાદ તથા યજમાન પરિવારને ભુજ-માધાપર મંદિર તરફથી સંતોના વરદ્હસ્તે પહેરામણી આપવામાં આવેલ. ઉત્થાપનવિધિ, વક્તાનું પૂજન વિધિ પૂર્ણ કરી, પાટોત્સવની આરતીનો ચડાવો કરેલ જેનો ઊંચો આંક આપેલ એવા પ.ભ. સામજી કરસન ભુડીયાને સાલથી સન્માન કરીને છેલ્લે ચડાવાવાળા ભક્તો, પારાયણવાળા ભક્તો સંતો સાથે ભગવાનની કથા પારાયણની આરતી ઉતારી, સંતોનું પૂજન, કીર્તન, ધૂન સાથે સમાપ્તિ કરવામાં આવેલ. ત્યારબાદ યજમાનના ઘરે ઠાકોરજીની બેન્ડપાર્ટી સહિત પધરામણી કરવામાં આવેલ.

- મંત્રીશ્રી અરજણભાઈ ભુડીયા

************************************

**વિશ્વયોગદિનની ઉજવણી : કન્યા વિદ્યામંદિર, મીરજાપર**

તા. ૨૧-૬-૨૦૧૮ના રોજ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ખાતે ચોથા વિશ્વયોગદિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં શાળાના પ્રમુખશ્રી રત્નાભાઈ

કેરાઈ, ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સહમંત્રીશ્રી લક્ષ્મણભાઈ હિરાણી, ટ્રસ્ટીશ્રી લાલજીભાઈ રૂપાલીયા, D.E.O. ઓફિસ તરફથી દિપ્તીબેન, મુખ્ય મહેમાનશ્રી દિલીપભાઈ ત્રિવેદી તેમજ કિરીટભાઈ સોમપુરા હાજર રહ્યા હતા.

સવારે ૬:૩૦ કલાકે સર્વે મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી યોગદિનની મંગળ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાની દીકરીઓ દ્વારા 'મા શારદા'ની પ્રાર્થના કરવામાં આવેલી હતી.

સર્વે ટ્રસ્ટીઓ, મહેમાનશ્રીઓ, આચાર્યશ્રી, ગૃહમાતાશ્રી, શિક્ષકગણ તેમજ શાળાની દીકરીઓએ સાથે મળી યોગ કર્યાં. અંતમાં સર્વે અલ્પાહાર લઈ છૂટા પડેલા હતા. -આચાર્યશ્રી

*********************************

**અધિકમાસ ઉજવણી - અંજાર**

પવિત્ર પુરૂષોત્તમમાસ (અધિક જેઠ માસ) દરમ્યાન અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજના પરમ સાંનિધ્યમાં એકમાસ પર્યન્ત સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું (જપ યજ્ઞનું) આયોજન કરવામાં આવ્યું હતું. સંગીત સાથે રાખેલ આ ધૂનનો અલભ્ય લાભ લેવા વહેલી સવારે ૦૫ : ૩૦ થી ૦૭ : ૦૦ વાગ્યાના સમયે મોટી સંખ્યામાં ભક્તો પધારતા. ગાયક સ્વામી ભજનપ્રકાશદાસજીએ ધૂનની રમઝટ કરાવી ભક્તોને આનંદીત કર્યા હતા. આધિક માસ દરમ્યાન આખા વર્ષમાં આવતા તમામ ઉત્સવો પણ ઉજવવામાં આવ્યા હતા. ધૂનમાં આવનારને ચવાણું, ગાઠીયા, પૂરીશાક, રસ પૂરી, કટકારોટી વગેરે પ્રસાદ આપવામાં આવ્યો હતો.

અધિકમાસ અંતર્ગત અધિક જેઠ વદ ૧૧ તા,૧૦-૬-૨૦૧૮ રવિવારના દિવસે જપ યજ્ઞના ઉદ્યાપન નિમિત્તે રજોપચારથી શ્રી ઘનશ્યામમહારાજનું અતિ ભવ્યતાથી પૂજન કરવામાં આવ્યું હતું. બ્રાહ્મણો અને સંતોએ અષ્ટ રાજોપચાર અર્પણ કરી પૂજન કર્યું હતું અને કેરા ગામના બાળકોએ નૃત્ય કરી ભગવાનને રાજી કર્યા હતા. ૫૦૦ કિલો પુષ્પની પાંખડીઓથી શ્રી ઘનશ્યામમહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠાકોરજીને ભવ્ય પાલખીમાં પધરાવી મંદિરમાંથી તેડી વાજતે ગાજતે નૂતન મંદિર સુધી પાલખી ફેરવવામાં આવી હતી. અંતમાં મહાઆરતી કરવામાં આવી હતી. આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ગોપાલભાઇ લાલજી વેકરીયા પરિવાર નૈરોબી-કેન્યા રામપરવાળા તથા સહ યજમાન બળદીયાના રમેશભાઇ કાનજી રાઘવાણી રહ્યા હતા. રાજોપચાર પૂજનમાં અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ.શા.સ્વામી વિશ્વપ્રકાશ દાસજી, આદિ સંતો અને યજમાન પરિવાર હસ્તક પવિત્ર ભુદેવો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું.

અધિકમાસના અંતીમ દિને અધેક જેઠ વદ અમાસ તા, ૧૩-૬-૨૦૧૮ બુધવારના દિવસે નવ માસિક શ્રી હરિ વાક્ય સુધાસિંધુ કથા પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પોથી યાત્રા એવં શાસ્ત્ર અને વક્તા શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજીનું સંતો અને યજમાનશ્રી દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. અંજાર મંદિરના મહંત સ્વામી તથા સ.ગુ. પુ. સ્વામી શ્રીહરિદાસજી શુભ આશીર્વાદમાં કહ્યું કે આવી કથા સંભળવાનો લાભ ભાગ્યશાળીને મળે, હરિવક્યની આવી એકધારી નવ માસિક કથા આ સત્સંગમાં પહેલી વાર થઇ છે. આ ઉત્સવના યજમાન પદે અંજારના પ.ભ.નરેન્દ્રભાઇ ચતુર્ભુજ સોમૈયા પરિવારે રહી અલભ્ય લાભ લિધો હતો.

તા, ૧૫ થી ૧૭ - ૬ ના સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીના મંડળની વિદાય પ્રસંગે ત્રીરાત્રી

સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ સંપમાં જ સુખ છે એ વિષય પર સરસ વ્યાખ્યાન આપ્યું હતું. પુ.સ્વામી પરમહંસદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. બીજે દિવસે સ્વામી કપીલમુનીદાસજીએ બાળ સસ્કાર પર વ્યાખ્યાન આપ્યું હતું ત્યારબાદ સેવાભાવી ભક્તોનું સન્માન કરી મહંત સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા. ત્રીજે દિવસે યુવક મંડળના યુવાનો દ્વારા સંતોનું સન્માન કરવામાં આવ્યું હતું તા,૧૮ - ૬ - ૨૦૧૮ના રોજે મંડળની બદલી થઇ હતી. સભાસંચાલક કો. શા. સંતસ્વામીએ કર્યું હતું.

આ દરેક આયોજનોને પૂરું પડવા કો. સ્વામી સંતસ્વરૂપદાસજી, કો. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી હૃદયપ્રકાશ, સ્વામી વિવેકસાગર, સ્વામી સત્સંગસેવક આદી સંતોના માર્ગદર્શન હેઠળ તેમજ સાંખ્યયોગી બહેનો તથા કચ્છશ્રી નરનારાયણદેવ યુંવક મંડળના યુવાનો - યુવતીઓ આદી નાના-મોટા ભક્તોએ ખૂબ સેવા કરી હતી. આ દરેક ઉત્સવોમાં તન,મન અને ધનથી સેવા આપનાર સંતો-ભક્તોને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન સહ

જય શ્રી સ્વામિનારાયણ..

અહેવાલ :- ઠક્કર મેહુલભાઇ

**********************************

**અધિકમાસ નિમિત્તે વિશેષ ધૂન : નરનારાયણનગર**

આવા જ એક શુભ ઉદ્દેશ સાથે ગામ નરનારાયણનગર (સુખપર)માં સ્વામિનારાયણ મંદિરની કાર્યવાહક કમિટી તથા સાંખ્યયોગી બહેનોની પ્રેરણાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળ દ્વારા તા. ૭-૬-૨૦૧૮, ગુરુવારના રોજ મંદિરમાં ‘સંગીતમય ધૂન’નું આયોજન કરેલ.

આ ધૂનનો સમય સાંજે ૬ વાગ્યાથી ૯ વાગ્યા સુધી રાખેલ. સમગ્ર ધૂનમાં વાજિંત્રો વગાડવા તથા ધૂન બોલવા માટે યુવક મંડળના યુવાનોએ જ સેવા આપેલ. આ ધૂનની વિશેષતા એ હતી કે આ ધૂનના કોઈ યજમાન વ્યક્તિગત નહિ પણ આખુંય ગામ રહેલ હતું. આ ધૂનમાં બહોળી સંખ્યામાં સત્સંગી ભાઈઓ, બહેનો, વડીલો તથા બાળકોએ ભાગ લઈ ધૂનને અલૌકિક બનાવી હતી.

અંતમાં ધૂન પૂર્ણ થયાં બાદ સૌ સાથે રાત્રી ભોજન પ્રસાદ મંદિરમાં જ લીધેલ. આમ સૌ અધિકમાસ નિમિત્તે જે ધૂન થઈ તેનો આનંદ વ્યક્ત કરતાં કરતાં છૂટા પડ્યાં. આમ નરનારાયણનગરમાં અધિકમાસ નિમિત્તે વિશેષ ધૂનનું આયોજન સફળ રીતે ઉજવાયું હતું.

- અરવિંદ આર. વરસાણી, નરનારાયણનગર

**********************************

**બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સિધ્ધિ : મથલ**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મથલ વર્ષ ૨૦૧૮માં લેવાયેલ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષામાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ ઝળહળતી સિધ્ધિ મેળવી હતી. ગુરુકુળનું ધોરણ ૧૨માં અભ્યાસ કરતાં ૫૬ વિદ્યાર્થીઓનું પરિણામ ૯૭% અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતા ૧૧૭ વિદ્યાર્થીઓનું પરિણામ ૯૦% આવેલ છે. વર્ષ દરમ્યાન શાળાના શિક્ષકોની તથા વિદ્યાર્થીઓની રાત દિવસની મહેનત રંગ લાવી ગુરુકુલનું પરિણામ ઉચ્ચ કક્ષાનું આવેલ તે બદલ ગુરુકુલના સંચાલકો વતી વિદ્યાર્થીઓના વાલીઓ વતી તમામ શાળા પરિવારનો આભાર વ્યક્ત કરેલ. -પૂજારી

**ધર્મ સંદેશના ગ્રાહક શુલ્ક**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**



# સત્સંગ સમાચાર વિદેશ

**શ્રીસ્વામિનારાયણ મંદિર-સ્ટેનમોર (યુ.કે.)નો ૧૨મો વાર્ષિક પાટોત્સવ એવં પુરુષોત્તમમાસ કથા પારાયણ**

ભુજનગર નિવાસી શ્રીનરનારાયણદેવ આદિ દેવોની અપાર કૃપા અને મહંત સ્વામી આદિક વડીલ સંતોના રૂડા આશીર્વાદથી યુ.કે. સ્થિત શ્રીસ્વામિનારાયણ મંદિરનો ૧૨મો વાર્ષિક પાટોત્સવ ખુબ જ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો.

શ્રીસ્વામિનારાયણ મંદિર-સ્ટેનમોર (યુ.કે.) મધ્યે બિરાજમાન બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ આદિ દેવોના ૧૨મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૦૭-૦૫-૨૦૧૮ થી તા. ૧૩-૦૫-૨૦૧૮, વિક્રમ સંવત્ ૨૦૭૪ વૈશાખ વદ-૬ થી વૈશાખ વદ -૧૨ સુધી સ.ગુ. બ્રહ્મચારી વાસુદેવાનંદજી વિરચિત શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ હરિભક્તો ઉત્સાહભેર અને ઉમંગથી જોડાયા હતા.

સદ્. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી યુ.કે. મધ્યે વિચરણ કરી રહેલ સદ્. સ્વામી ભગવદ્જીવનદાસજીનાં મંડળના સંતોમા પુરાણી સ્વામી પરમહંસદાસજી, પુરાણી સ્વામી બદ્રીશ્વરદાસજી, શાસ્ત્રી સ્વામી વેદાંતાસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, પુરાણી સ્વામી ભક્તિવેદાંતદાસજી તેમજ સ્વામી વિવેકસાગરદાસજી પધાર્યા હતા અને સૌને દર્શન, આશીર્વાદ તેમજ કથારૂપી અમૃતપાનનો લાભ આપ્યો હતો. પાટોત્સવના દિવસે બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃતવડે અભિષેક કરવામાં આવ્યોહતો અને અભિષેક બાદ અન્નકૂટ દર્શન અને આરતી ઉતારવામાં આવી હતી. અને તે જ શ્રી ઘનશ્યામ મહારાજ ઉપર મહાપુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. તેમજ ત્યારબાદ ફુલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રીહરિકૃષ્ણ મહારાજને વનવિહાર કરાવવામાં આવ્યો હતો. તેમજ ત્યારબાદ મંદિરનાં ગાર્ડનમાં રહેલ વિશાળ વૃક્ષોની ડાળીએ ૨૫ ફૂટ મોટો ફુલનો હિંડોળો બનાવવામાં આવ્યો હતો અને તેમાં શ્રીઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા. અને ત્યાં પણ પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. ઉત્સવની પૂર્ણાહુતિબાદ સૌને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

આ સમગ્ર ઉત્સવના યજમાનપદે મંદિરનાં સંનિષ્ઠ સત્સંગી ગામ માધાપરના અ.નિ. મોહનભાઈ પ્રેમજી કેરાઈ હસ્તે પિતાશ્રી પ્રેમજીભાઈ કાનજી કેરાઈ સહપરિવાર રહ્યાં હતા. તેમજ સહ યજમાનપદે અ.નિ. જ્યોતિસજ્ઞ સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી તથા અ.નિ. સદ્. સ્વામી ભક્તિવલ્લભદાસજી તેમજ ટોનીભાઈ તથા ધનજીભાઈ ભંડેરીની પુણ્યસ્મૃતિમાં સ.ગુ. પુરાણી સ્વામી કેશવજીવનદાસજીની પ્રેરણાથી દિનેશભાઈ ખેતાણી-સુખપર તથા પ્રેમજીભાઈ જેસા-દહિંસરાવાળા રહ્યા હતા.

તેમજ તા. ૨૧-૦૫-૨૦૧૮ થી ૨૭-૦૫-૨૦૧૮, વિક્રમ સંવત્ ૨૦૭૪ અધિક જેઠ સુદ-૭ થી અધિક જેઠ સુદ ૧૩ સુધી પુરુષોત્તમમાસ (અધિકમાસ) દરમ્યાન સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧૦૮ હરિભક્તોએ યજમાન બનવા માટેનો લાભ લીધો હતો. સદ્. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી ખાસ પુરુષોત્તમમાસની વિશેષ કથા કરવા માટે ભુજથી પધારેલા સંતો પૈકી પુરાણીસ્વામી મહાપુરુષદાસજી, શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદાસજી ઉપસ્થિત રહ્યા હતા. વક્તાપદે શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી રહ્યા હતા અને સદ્. સ્વામી નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીહરિબળ ગીતાનું સુમધુર શૈલીમાં રસપાન કરાવ્યું હતું. સોનામાં સુગંધ ભળે

એ રીતે આ કથામાં અમદાવાદ શ્રીવજેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી સૌને દર્શન તેમજ આશીર્વચનનો લાભ આપ્યો હતો. કથા દરમ્યાન તા. ૨૬-૦૫-૨૦૧૮ના રોજ BBQનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કથાની પૂર્ણાહુતિબાદ સૌને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

-પૂજારી ગોવિંદ ખેતાણી

★★★★★★★★★★★★★★★★★

**અધિકમાસ : બોલ્ટન**

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, બોલ્ટનમાં અધિકમાસ નિમિત્તે ભુજ મંદિરથી પૂ. સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા અને સૌ બોલ્ટનના હરિભક્તો ભાઈઓ અને બહેનો યજમાન સાથે મળી કરીને ૫ દિવસની શ્રી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પારાયણનું આયોજન કરવામાં આવેલ હતું. શા. સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી તેમજ પુરાણી સ્વામી ઉત્તમપ્રિયદાસજીએ પોતાની સુમધુર વાણીથી સવાર-સાંજ કથા સંભળાવીને સૌને ખૂબ જ રાજી કરેલ. તેમજ દરરોજ સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તેમજ સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી પોતાની મીઠી વાણીથી આશીર્વાદ આપીને રાજી કરેલ. તેમજ શનિવાર સાંજે સૌ હરિભક્તો સાથે મળી સંતો સાથે રાસોત્સવ પણ બોલ્ટન મંદિરનાં પટાંગણમાં રમવામાં આવેલ. ત્યારબાદ સૌ હરિભક્તો મળીને પ્રસાદરૂપી ભોજન લીધું હતું. આ ભોજનપ્રસાદના યજમાન ભુજ મંદિરના અ.નિ. સામજી ભગત તથા અ.નિ. સાં.યો. ધનબાઈ કાનજી હાલાઈ(બળદીયા) હસ્તે ગામ બળદીયાના કુંવરજીભાઈ દેવશી રાબડીયા તથા કરસનભાઈ મુરજી રાઘવાણી સહપરિવાર રહ્યા હતા. બોલ્ટન મંદિરમાં સંતો ૧ અઠવાડિયા સુધી રહીને સૌ હરિભક્તોને કથાવાર્તાનો ખૂબ જ લાભ આપેલ. તેમજ રવિવારના દિવસે મહાપૂજાનું પણ આયોજન રાખવામાં આવ્યું હતું.

- પ્રમુખ મનજીભાઈ ગાંગજી હાલાઈ, બોલ્ટન

★★★★★★★★★★★★★★★★★

**શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરો(લંડન)**

અધિકમાસમાં મહિલા મંડળ દ્વારા ૭ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથામાં ૫૦૦ ઉપરાંત બહેનો યજમાન થયેલાં હતાં. ભુજ મંદિરના સંતો કેન્ટન હેરો મંદિરમાં પધારેલ અને પુરુષોત્તમપ્રકાશની કથા ખૂબ જ સરળ ભાષામાં લોકભોગ્ય ભાષામાં સંભળાવેલ. આ કથામાં સોમવાર તા. ૪ જુનના સાંજના શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. જે અંતર્ગત ભાઈઓ અને બહેનોનો રાસોત્સવ રાખવામાં આવેલ હતો. જેમાં સૌ હરિભક્તો ભાઈઓ અને બહેનોએ ઉમંગભેર ભાગ લીધો હતો. શુક્રવાર અને શનિવાર સાંજે યજમાન બહેનો તરફથી મહાપ્રસાદ રાખેલ હતો. જેમાં ૬૦૦ થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો. સાંજે કથા અને મહાપ્રસાદ પછી કીર્તન સંગીત ભુજ મંદિરના સંગીતકાર સંતો દ્વારા રાખેલ હતો. સ્થાનિક યુવાનોએ પણ ભક્તિ સંગીત સંભળાવેલ. રવિવાર તા. ૧૦ ના એકાદશીના દિવસે મહાપૂજા રાખેલ હતી જેમાં ૪૦૦ ઉપરાંત હરિભક્તોએ ભાગ લીધો હતો. મંદિરના ત્રણે ત્રણે હોલ પૂરા ભરાઈ ગયેલ હતા. પછી સંતોના સાંનિધ્યમાં યજમાન દ્વારા ઠાકરથાળી રાખેલ હતી તેમાં પણ હરિભક્તોએ હોંશભેર ભાગ લીધેલ હતો.

અધિકમાસમાં રાખવામાં આવેલ આ કથાને લીધે લંડનમાં વસતા હરિભક્ત બહેનોએ ખૂબ જ રાજી થઈને અધિકદાન-પુણ્ય, અધિક વ્રતનિયમ કરીને પુણ્યનું ભાથું બાંધેલ. ગાયોના ચારા માટે પણ સારી એવી રકમ એકઠી કરેલ હતી. હેરો મંદિરના સૌ ટ્રસ્ટીઓ, કમિટી સભ્યો અને હરિભક્તોએ આવો જીવન ધન્ય કરનારો પ્રસંગ ઊભો કરવા બદલ ભુજ મંદિરનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનેલ. આ સંતોએ લંડનમાંના બધા મંદિરોમાં પધરામણી કરેલ અને કથાવાર્તાનો લાભ હરિભક્તોને આપેલ.

- આસી. સેક્રેટરી અરવિંદ હાલાઈ, હેરો મંદિર




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

# કાચી કેરી

એક હતો છોકરો. એનું નામ રમેશ. રમેશ ભણવામાં હોશિયાર હતો. શિક્ષક જે શીખવે તે ધ્યાન દઈને સાંભળે, ને ભણે. એના જ વર્ગમાં એક બીજો વિદ્યાર્થી હતો. એનું નામ ચંદુ. રમેશને ચંદુની દોસ્તી થઈ ગઈ. બેઉ સાથે રમે ,સાથે ફરે.

પણ ચંદુને એક કુટેવ હતી-માવો ખાવાની. એની સોબતથી રમેશ પણ માવો ખાતો થઈ ગયો. માવાની ખરાબ તલપમાં એનો અભ્યાસ બગડવા લાગ્યો. એ ભણવામાં પાછો પડ્યો.

રમેશની માએ વિચાર કર્યો કે છોકરાને સીધે સીધું દોસ્તી છોડવાનું કહીશ તો એ માનશે નહિ અને હઠ પકડશે. તેથી તેણે એક યુક્તિ કરી. તેણે એક દિવસ રમેશને અખરોટ આપી કહ્યું : 'બેટા, આ અખરોટ તું તારા દાંતથી તોડીને ખાઈ શકીશ ?' રમેશને અખરોટ બહુ ભાવે, તેણે કહ્યું : ' અખરોટ શું, કાચા ચણા ચાવી ખાઈ જાઉ એવા મારા મજબૂત દાંત છે'.

માએ કહ્યું : 'તો તો બહુ સરસ ! તને કાચી કેરી પણ ભાવે છે ને ? તો લે, આ કેરી ખા !' આમ કહી માએ એને કાચી કેરી આપી. રમેશ ખુશ થઈ ગયો. તે તેજ વખતે કાચી કેરી ખાઇ ગયો. પછી માએ વહાલ કરી કહ્યું : 'લે, બેટા, હવે આ ભાત ખા ! આજે ખાસ તારા માટે કેસરિયો ભાત કર્યો છે.' રમેશ ભાત ખાવા બેઠો, પણ કાચી કેરી ખાવાથી દાંત ખાટા થઈ ગયા હતા, તેથી એ ભાત ખાઇ શક્યો નહિ. તેણે કહ્યું : 'મા, મારાથી આ નહિ ખવાય !'

માએ કહ્યું : 'કેમ, એકાએક શુ થયું ? તું દાંતથી અખરોટ તોડી નાખે છે, અને તું કહેતો હતો કે હું કાચા ચણા પણ ચાવી જાઉ એવા મારા દાંત મજબૂત છે, અને આ પોચો ભાત નથી ખાઈ શક્તો ?'

રમેશે કહ્યું :'ખાઇ શકું, પણ મેં હમણાં કાચી કેરી ખાધી ને, એટલે આમ થાય છે!'

માએ કહ્યું 'એનો અર્થ એ કે તારા દાંતને કાચી કેરીનો સંગ નહોતો કરવો જોઈતો, તોયે કર્યો, તેથી આવું બન્યું ! જેનો સંગ ન કરવો જોઈએ એનો સંગ કરીએ તો આવું બને છે, તારૂં ભણતર આજે બગડ્યું છે, તે બગડવાનું પણ આજ કારણ છે. તારે માવો ખાનાર ચંદુનો સંગ નહોતો કરવો જોઈતો, છતાં તેં કર્યો, તો તારૂં ભણતર બગડ્યું !'

રમેશ થોડીવાર વિચારમાં પડી ગયો.

પછી તેણે કહ્યું : 'પણ મા, મેં જેમ ચંદુનો સંગ કર્યો, તેમ ચંદુએ મારો સંગ કર્યો, તો મારી અસર એના પર કેમ ન થઈ ?' માએ કહ્યું : 'એમાં તો એવું છે ને,બેટા, કે સારા કરતાં ખોટાની અસર વહેલી થાય છે, તે ધીરે ધીરે કામ કરે છે, અને ભૂંડૂં છે તે જલદી કામ કરે છે, ચિત્ર દોરતાં વાર લાગે છે પણ એના પર શાહી ઢોળતાં વાર લાગતી નથી!'

માની વાત રમેશ બરાબર સમજી ગયો. તેણે ચંદુની દોસ્તી છોડી દીધી, એટલે માવો તો ગયો જ. થોડા દિવસ પછી ચંદુ પોતે રમેશની પાસે આવ્યો ને બોલ્યો : 'મારે તારી દોસ્તી જોઈએ છે.' ત્યારે રમેશે કહ્યું :' માવો ખાય એવો દોસ્ત મને ન જોઇએ !'

ચંદુએ કહ્યું : 'તો આજથી માવો ખાવો બંધ !'

રમેશે કહ્યું : 'મન દઈને ભણે નહિ એવો દોસ્ત પણ મારે ન જોઇએ !'

ચંદુએ કહ્યું : 'હું મન દઈને ભણું, પણ તારે મને એમાં મદદ કરવી પડે.'

રમેશે કહ્યું : 'દોસ્તને મદદ નહિં કરૂં તો કોને કરૂં ?'

આમ ફરી પાછી બેયની દોસ્તી થઈ ગઈ. આ વખતની દોસ્તીથી બેઉને ફાયદો થયો. રમેશની સાથે ચંદુ પણ ભણવામાં આગલ વધ્યો. બેન્નેની માતાઓને સુખ થયું.

બાળ મિત્રો, વ્યસન એ કાચી કેરી જેવું છે. કાચી કેરી જેમ ગમે તેવા સારા દાંતને પણ ખાટ્ટા કરી દે છે, તેમ વ્યસન સારા માણસને પણ વ્યસની કરી દે છે. માવો, તમાકુ, ભાંગ, ગુટકા, બીડી, દારૂ-આ બધા વ્યસનો છે. ઘનશ્યામમહારાજના બાળકોએ આ વ્યસનોથી કાયમ દૂર રહેવું જોઈએ. સદ્‌ગ્રંથો વાંચવાથી, સંત પુરૂષોનો સંગ કરવાથી, ભગવાનનું નામ સ્મરણ અને કીર્તન કરવાથી વ્યસનોથી દૂર રહેવાની શક્તિ આવે છે. આથી ચાતુર્માસમાં શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં બતાવેલા આઠ નિયમોમાંથી એકાદ નિયમ જરૂર લેજો. તથા કંઇ વ્યસન જેવી કુટેવ હોય તો તે છોડવાનું પણ નિયમ લેજો.

## તપયજ્ઞનું વિશિષ્ટ પર્વ : ચાતુર્માસ

- બાળમિત્રો! અષાઢ સુદ ૧૧થી ચાતુર્માસનો પ્રારંભ થાય છે.
- તો નિયમ લેવાનું ભુલતા નહિ. કોઇ પણ એક,બે નિયમ જરુર લેજો.
- શિક્ષાપત્રીમાં કહેલા આઠ નિયમોમાંથી અને વિશેષમાં પણ નિયમો લઈ શકાય. ચાતુર્માસ કોરો ન જવો જોઈએ.


૧. મંદિરમાં રોજ ૧૧ દંડવત્ અને ૧૧ પ્રદિક્ષણા કરવી.
૨. દરરોજ આરતીમાં અને શ્રી ઘનશ્યામ બાલ મંડળની સભામાં જવું.
૩. દરરોજ પૂજા કરવી- ૫ માળા કરવી- એક કીર્તન બોલવું.
૪. સ્વામિનારાયણ વાંચનમાળાની એક વાર્તા વાંચવી.
૫. બજારનું કંઇ પણ ખાવું પીવું નહિ.
૬. રાત્રે સુતી વખતે ઘનશ્યામમહારાજનાં ૧૦ નામો યાદ કરવા.
૭. ટી.વી.માં કોઇ પણ ફિલ્મ જોવી નહિ.
૮. એકાદશી કે પૂનમના ભુજ દર્શન કરવા જવું.
૯. એકાદશીના ઉપવાસ કે એકટાણું કરવું.
૧૦. ઘરમાં દરેક સભ્યને જય સ્વામિનારાયણ કહેવા.

-: ગત અંકની શબ્દ રચનાનો જવાબો :-

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | વે | ક | રા | | |
| | | | | | | મ | | |
| | સ | | | સુ | ખ | પ | ર | |
| મી | ર | જા | પ | ર | | ર | | |
| | લી | | | જ | | | રા | |
| | | મા | | પ | દ | મ | પ | ર |
| મ | દ | ન | પુ | ર | | | ર | |
| | | કુ | | | | | | |
| | | વા | ડા | સ | ર | | | |
| | | | | | વા | | | |
| | | | કે | | પ | | | |
| | | હિ | રા | પ | ર | | | |

### -: શબ્દ રચના :-

આધોઈમાં રાયધણજીને ઘેર સભામાં બિરાજી શ્રીજીમહારાજ માળા કરતા હતા એટલે ભકતોએ પૂછયુ, 'મહારાજ ! અમે તો તમારા ભગત છીએ એટલે તમારી માળા કરીએ પણ તમે કોની માળા કરો છો? તમે તો ખુદ ભગવાન છો.' ત્યારે મહારાજે કહ્યું, કે જેમ ભક્તો અમારી માળા કરે છે એમ અમો અમારા ભકતોની માળા કરીએ છીએ. જે ભકતોને મહારાજ યાદ કરતા હોય એ ભકતો કેટલા ઉત્તમ કહેવાય ! આવા ભકતોના નામ આ માળાના મણકામાં મુકેલા છે. તે પૂર્ણ કરો



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર, લંગાટા આફ્રિકા, યાત્રા નિમિત્તે શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦૦/- હરિભક્તો તરફથી, અ.નિ. સ.ગુ. સ્વામી વિશ્વજીવનદાસજીની, પુણ્યસ્મૃતિમાં કથા પારાયણ નિમિત્તે ભેટ

૧૧૫૧/- સ્મિતાબેન પ્રેમજીભાઈ વેકરીયા, હ. પ્રેમજીભાઈ તેજાભાઈ, બળદીયા , જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૦૦૦/- સાં.યો. દેવબાઈ ગોવિંદ ગોરસીયા સહપરિવાર , માધાપર, માધાપર નવાવાસ બંને મંદિરમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ નિમિત્તે ભેટ

૯૦૦/- પ્રેમબાઈ કાનજી તેજા તથા ઈન્દુબેન ડાહ્યાભાઈ પટેલ (નવસારી), બળદીયા હાલે બોલ્ટન, અધિક માસની કથા નિમિત્તે ભેટ

૫૦૦/- નારણ મુરજી પિંડોરીયા સહપરિવાર, માધાપર, બંને મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભેટ

૨૫૧/- હરેશ પ્રવિણચંદ્ર જેઠી, ભુજ, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૫૧/- હર્ષિલ વિશ્રામ કેરાઈ, નારણપર ની.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- મહિલા સત્સંગ મંડળ, ભાવનગર અલંગ, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૫૧/- શિવજીભાઈ ધનજીભાઈ માસ્તર, માધાપર, સર્વમંગલ સ્મૃતિ મહોત્સવ નિમિત્તે સર્વે સંતોની પ્રસન્નતાર્થે ભેટ

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ સહપરિવાર, બળદીયા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦/- મુક્તિ ધનસુખ ખેતાણી, મદનપુર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૮૦/- પ્રવિણ હરજી કેરાઈ, સુરજપર, ચિ. પલ્લવી અરજણ ધો. ૧૨માં સારા માર્કસથી પાસ થતાં ભેટ

૧૫૧/- ડોલી અંજન મહેતા, નિત્ય ચિંતન મહેતા, ભુજ, પરીક્ષામાં સારા માર્કસથી પાસ થતાં ભેટ

૧૫૧/- પ્રભુદાસ હરિશ વરસાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- શિવજીભાઈ ધનજીભાઈ માસ્તર, માધાપર, સર્વમંગલ સ્મૃતિ મહોત્સવ નિમિત્તે ભેટ

૧૫૧/- જયેશ લાલજી વેકરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



ભુજ નિત્યદર્શનમ્ દ્વારા

હવેથી માણો ઘર બેઠા દર્શનનો લાભ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સેપ દ્વારા આપનું પુરૂ નામ તથા સરનામું લખીને

+91 73592 50231

ઉપર અરજી મોકલો



આ નંબર પર અન્ય કોઈ મેસેજ મોકલવા નહીં.





શ્રી ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન - અંજાર




શ્રી ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન - સ્ટેનમોર યુ.કે.




સદ્‌ગુરૂ સ્વામી વિશ્વજીવનદાસજીની પૂણ્ય સ્મૃતિ પારાયણ - પ્રસાદી મંદિર, ભુજ




શાળા પ્રવેશોત્સવ - શ્રી સહજાનંદ ગુરૂકુળ, માનકુવા




ભુજ મંદિર દ્વારા ગાયોને લીલા ઘાસચારાનું નિરણ



નારણપર શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલમાં
આરોપ્લાન મશીન અર્પણ કરતા રવજીભાઈ

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2018/UPTO 31-12-2018



**અધિક માસ દરમ્યાન ઉજવાયેલ શ્રી સર્વમંગલયાગ પૂર્ણાહુતિ પ્રસંગે પૂ. મહંત સ્વામી આદિ સંતો, રામપર - વેકરા (ગંગાજી)**



**કેન્ટન હેરો યુ.કે.માં અધિકમાસ નિમિત્તે મહાપૂજા તથા કથા પારાયણ**



**શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી ઘનશ્યામ બાલમંડળનો દ્વાદશાબ્દી બાલમંચ**




**શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર લંગાટાના હરિભક્તોના યજમાન પદે શ્રી બદ્રિનાથ ક્ષેત્રમાં શ્રીહરિયાગ**